# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 20-08-2026 I VOL : 12 I Issue : 155 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

સારો વિચાર સારા જીવનની શરૂઆત છે. સફળતા ધીરજ અને વિશ્વાસ માંગે છે. ”


3  ભાવનગરમાં નકલી દારૂ પીવાથી કુલ 4ના મોત: 18 લોકો સારવાર હેઠળ


4  શંકા-કુશંકાને તિલાંજલિ આપી રક્ષાબંધન શુક્રવારે આખો દિવસ રાખડી...

6  ફરહાન અખ્તરની ફિલ્મમાં પહેલીવાર જોવા મળશે સૈફ અલી ખાન અને કિયારા...

7  ભારત 600મી ટેસ્ટ મેચમાં જીત્યું, શ્રીલંકાને 165 રનથી હરાવ્યું


## એક નજર...

### કરિશ્મા શર્માનો સિઝલિંગ લુક, સોશિયલ મીડિયા પર વાયરલ



ચેતના પાંડે આઉટફીટ પહેરેલી જોવા મળી રહી છે. ચેતનાએ આઉટફિટની સાથે કેમેરા સામે બોલ્ડ પોઝ. ચાહકો પણ તેમની તસવીરો પર અપાર પ્રેમ વરસાવે છે. આ સાથે અભિનેત્રીએ કેટલીક તસવીરો શેર કરી છે. લેટેસ્ટ તસવીરોએ સોશિયલ મીડિયાનું તાપમાન વધારી દીધું છે. અભિનેત્રી ચેતના પાંડે ડીપનેક આઉટફિટમાં તેના ક્લીવેજને ફ્લોન્ટ કરી રહી છે.

### મિલકતને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

# માતા-પિતા બાળકોને સંપત્તિમાંથી બેદખલ કરી શકે છે:સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે બુધવારે એક મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે, વરિષ્ઠ નાગરિકો પોતાના બાળકોને સંપત્તિમાંથી બેદખલ કરી શકે છે. કોર્ટે કહ્યું કે, વધતી ઉંમરનો અર્થ અસુરક્ષા કે અપમાન ન હોવો જોઈએ, દરેક વ્યક્તિને જીવનભર ગરિમા સાથે જીવવાનો અધિકાર છે.



સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના એ આદેશને પણ પલટી નાખ્યો, જેમાં દીકરા અને પુત્રવધૂને મકાનમાંથી બેદખલ કરવાના ટ્રિબ્યુનલ કોર્ટના આદેશને રદ કરવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે, વૃદ્ધોની ગરિમા માટે ટ્રિબ્યુનલ પાસે બાળકોને સંપત્તિમાંથી બહાર કાઢવાનો આદેશ આપવાનો અધિકાર છે. જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે સુનાવણી કરતા કહ્યું કે, કાયદાનો હેતુ વૃદ્ધોની ગરિમા અને સુરક્ષા નક્કી કરવાનો છે. સભ્ય સમાજનું સ્તર એ વાતથી નક્કી થાય છે કે, તે પોતાના વૃદ્ધોને કેટલી ગરિમા, સન્માન અને સુરક્ષા આપે છે.

સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો લખનઉના વિકાસ નગર સ્થિત એક રહેણાંક મકાનના માલિક રવિકાંત ગુપ્તા દ્વારા દાખલ અપીલ પર આવ્યો છે. તેમણે અલાહાબાદ હાઈકોર્ટના એ ફેંસલાને પડકાર્યો હતો, જેમાં તેમના દીકરા અને પુત્રવધૂ વિરુદ્ધના આદેશોને રદ કરી દેવામાં આવ્યા હતા.

## વંદે માતરમના શરૂઆતી બે પેરા જ ગાશે કોંગ્રેસ



નવી દિલ્હી

વંદે માતરમને લઈને કોંગ્રેસ અને સત્તા પક્ષ વચ્ચે વિવાદ ચાલુ છે. આ મુદ્દાને લઈને બુધવારે કોંગ્રેસ કાર્ય સમિતિમાં ચર્ચા થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં કેટલાક નેતાઓએ 1937 ના પાર્ટીના સ્ટેન્ડને દોહરાવ્યું છે. એનો મતલબ એ છે કે, કોંગ્રેસ 1937ના વર્ઝન (પહેલા બે પેરા) ને જ પોતાના કાર્યક્રમોમાં ગાશે. જયરામ રમેશે કહ્યું કે, 'વંદે માતરમ પર એક પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો. જ્યારે એ પ્રસ્તાવને પાસ કરવામાં આવ્યો તો, CWCની બેઠકમાં મહાત્મા ગાંધી, પંડિત નેહરૂ, સરદાર પટેલ, સુભાષ ચંદ્ર બોઝ, મૌલાના આઝાદ, ગોવિંદ વલ્લભ પંત, આચાર્ય નરેન્દ્ર દેવ અને અન્ય નેતાઓ હાજર હતા.'

### 3 દિવસ વિશાખાપટ્ટનમમાં સંઘની બેઠક

# IIT ડાયરેક્ટર્સને RSS સંવાદની જવાબદારી: જયરામ રમેશ

નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ જયરામ રમેશે મંગળવારે દાવો કર્યો કે ઘણા IIT ડાયરેક્ટરોને કહેવામાં આવ્યું છે કે



તેઓ તેમના પૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરે, જેથી તેઓ આ મહિનાના અંતમાં અમેરિકા પહોંચવા પર મોહન ભાગવતને મળી શકે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, મોહન ભાગવત 25 ઓગસ્ટથી અમેરિકા, કેનેડા અને બ્રિટનના પ્રવાસે જશે અને ત્યાં લોકો સાથે સંવાદ કરશે. આ પ્રવાસ ભારતીય પ્રવાસી સમુદાય સાથે સંકળાયેલા સ્થાનિક સંગઠનો અને સંસ્થાઓના આમંત્રણ પર થઈ રહ્યો છે. આરએસએસએ કહ્યું છે કે ભાગવતનો આ પ્રવાસ સંગઠનના શતાબ્દી વર્ષ દરમિયાન થઈ રહ્યો છે. આરએસએસના પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે અગાઉ જણાવ્યું હતું કે ભાગવત 25 ઓગસ્ટથી આ ત્રણેય દેશોની યાત્રા કરશે. તેમને વિદેશોમાં હાજર ભારતીય સમુદાય સાથે સંકળાયેલા સંગઠનો અને સંસ્થાઓએ આમંત્રિત કર્યા છે.

# કોલકાતામાં ભીષણ અગ્નિકાંડ: હોટલમાં રાતે આગ લાગવાથી માસૂમ બાળક સહિત 9ના મોત

કોલકાતા

પશ્ચિમ બંગાળમાં સુરક્ષા વ્યવસ્થા અને ફાયર સેફ્ટીના દાવાની પોલ ખોલી નાંખતી એક હૃદયવિદારક ઘટના સામે આવી છે. મંગળવારે મોડી રાતે મધ્ય કોલકાતાની ફ્રી સ્કૂલ સ્ટ્રીટ સ્થિત એક હોટલમાં ભીષણ આગ લાગી. આગની જ્વાળા એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આસપાસની ઈમારતો તેની ઝપેટમાં આવી ગઇ. દુર્ઘટના મોડી રાતે લગભગ 2 વાગ્યે હોટલના ત્રીજા માળે બની. જે સમયે આગ લાગી ત્યારે મોટા ભાગના મહેમાન ગાઢ ઊંઘમાં હતા. લોકો સ્થિતિને સમજી શકે અને બહાર નીકળવાની કોશિશ કરે ત્યાં સુધીમાં તો આખુ પરિસર ઝેરીલા ધૂમાડાથી ભરાઇ ચૂક્યું હતું. આ દુ:ખદ ઘટનામાં એક માસૂમ બાળક અને મહિલા સહિત 9 લોકોના શ્વાસ રુંધાવાથી મોત થઈ ગયા. ઘણાં બીજા લોકો ગંભીર રીતે દાઝી ગયા. જેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યા છે.

# પીએમ કેર્સ ફંડમાં ઘરેલું દાન 30% ઘટ્યું: ગયા વર્ષે વિદેશી દાનમાં પણ ઘટાડો થયો

નવી દિલ્હી

2025માં પીએમ ફંડમાં ઘરેલું દાન 30% ઘટીને આશરે 479 કરોડ રૂપિયા રહ્યું. વિદેશી દાનમાં પણ ઘટાડો થયો. તે 18% ઘટીને 92.8 લાખ રૂપિયા થઈ ગયું છે. 2023માં ઘરેલું દાન 681 કરોડ અને વિદેશી દાન 1.13 કરોડ રૂપિયા હતું. ઓડિટ રિપોર્ટ મુજબ, 2024માં ફંડમાં કુલ રકમ 7,173 કરોડ રૂપિયા હતી. 2025માં તે 8,452 કરોડ રૂપિયા થઈ ગઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2020માં કોવિડ મહામારી ફેલાયા પછી પીએમ ફંડ બનાવ્યું હતું. વડાપ્રધાન જ આ ફંડના અધ્યક્ષ હોય છે. આ ફંડમાં પૂરી રકમ દાન સ્વરૂપે આવે છે અને તેને સરકારના બજેટમાંથી કોઈ પૈસા મળતા નથી. આ ફંડમાં 2020-21માં વિદેશી ભંડોળ 495 કરોડ રૂપિયા હતું, જે આગામી બે નાણાકીય વર્ષોમાં ઘટીને 40 કરોડ રૂપિયા અને 2.57 કરોડ રૂપિયા થઈ ગયું.

2023-24માં વિદેશી દાનમાંથી 1.13 કરોડ રૂપિયા મળ્યા હતા. 2024-25માં વિદેશી યોગદાન 92.8 લાખ રૂપિયા રહ્યું. 2019-20માં મળેલા 39.7 લાખ રૂપિયા પછી આ સૌથી ઓછું દાન હતું.

## NEWS TRACK

### બ્રિટનમાં ફેલાઈ રહ્યું છે, સાલ્મોનેલા સંક્રમણ, એકનું મોત, દર્દીઓની સંખ્યા 200ને પાર! ઈંડું બન્યું કારણ

બ્રિટનમાં સાલ્મોનેલા વાયરસથી થતી બીમારીને કારણે એક વ્યક્તિનું મોત થઈ ગયું છે, અને 200 થી વધુ લોકો બીમાર પડી ગયા છે. બ્રિટનની હેલ્થ એજન્સીના મતે આ બીમારી ઈંડામાં રહેલા સંક્રમણથી ફેલાઈ છે, જે બહારથી આયાત કરવામાં આવ્યા હતા. બ્રિટનમાં સાલ્મોનેલા નામના એક ખતરનાક બેક્ટેરિયાના કારણે 200 થી વધુ લોકો બીમાર છે. બ્રિટનની હેલ્થ સિક્યોરિટી એજન્સી (UKHSA) એ પોતાના તાજેતરના અને સત્તાવાર રિપોર્ટમાં જણાવ્યું છે કે, ઓગસ્ટ 2026 સુધી આ ગંભીર ફૂડ પોઈઝનિંગના કારણે 1 વ્યક્તિનું મોત થઈ ચૂક્યું છે, અને 207 લોકો સંક્રમિત મળ્યા છે. સ્વાસ્થ્ય અધિકારીઓની શરૂઆતી તપાસમાં સામે આવ્યું છે કે, આ સંક્રમણ લોકોમાં ઈંડા ખાવાના કારણે ફેલાયું, જે બ્રિટનની બહારથી આયાત કરવામાં આવ્યા હતા. આયાતી ઈંડાને કારણે સંક્રમણ! બ્રિટનની UK હેલ્થ સિક્યોરિટી એજન્સી, જે આ કેસની તપાસ કરી રહી છે, તેણે જણાવ્યું કે, આ વાયરસથી 207 લોકો પ્રભાવિત થયા છે, જેમની ઉંમર એક વર્ષથી લઈને 90 વર્ષ સુધીની છે.

### 'જમ્મુ- કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે...' કાશ્મીરની મુલાકાતે આવેલા યુએસ એમ્બેસેડર સર્જિયો ગોર

'અમેરિકાએ જમ્મુ-કાશ્મીર માટે અમલમાં મૂકેલી કડક 'ટ્રાવેલ એડવાઈઝરી'ને હળવી કરવા અમે વિચારણા કરીશું. આ કેન્દ્રશાસિત પ્રદેશ એટલે કે કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે.' અમેરિકાના નવનિયુક્ત એમ્બેસેડર(રાજદૂત) સર્જિયો ગોરે જમ્મુ-કાશ્મીરના તેમના પ્રથમ પ્રવાસમાં જ આ નિવેદન કર્યું હતું. આ નિવેદન સાબિત કરે છે કે, ભારત માટે અમેરિકાની વિદેશ નીતિમાં ધરખમ પરિવર્તન આવ્યું છે. કલમ 370 નાબૂદી અને પહેલગામ હુમલા બાદ મહત્ત્વની મુલાકાત કાશ્મીરમાંથી કલમ 370 નાબૂદ થયા બાદ અને પહેલગામ હુમલા પછી કોઈ અમેરિકન રાજદૂતે પહેલીવાર કાશ્મીરની મુલાકાત લીધી છે. આ મુલાકાત દરમિયાન તેમણે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે પણ બેઠક કરી હતી. શ્રીનગર પહોંચીને ગોરે કહ્યું કે, 'અહીં આવીને મને ખૂબ આનંદ થયો. આ ભારતનો એક અત્યંત મહત્ત્વનો ભાગ છે અને હું પહેલીવાર અહીં આવ્યો છું. આ ખૂબ જ સુંદર જગ્યા છે.

# કરજણ નગરપાલિકામાં 'ટેન્ડર રાજ' અને કરોડોનું કમિશન મોડ્યુલ: શું કમલમ અને દિલ્હી હાઈકમાન્ડ સુધી પહોંચશે ભ્રષ્ટાચારના તાર?

કરજણ

ગુજરાતમાં 'ઝીરો ટોલરન્સ ફોર કરપ્શન'ના સરકારી દાવાઓ વચ્ચે વડોદરા જિલ્લાની કરજણ નગરપાલિકા ભ્રષ્ટાચાર, કમિશનબાજી અને ટેન્ડર સેટિંગનું મુખ્ય કેન્દ્ર બની ગઈ હોવાના સનસનાટીભર્યા અહેવાલો સામે આવ્યા છે. સ્થાનિક સ્તરે ચાલી રહેલા આ Organized કૌભાંડથી ભાજપની 'સુશાસન'ની છબીને ભારે ધબ્બો લાગી રહ્યો છે, ત્યારે હવે આ મામલે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ નેતૃત્વ અને દિલ્હી હાઈકમાન્ડે તાત્કાલિક સંજ્ઞાન લેવાની ભારે જરૂરિયાત ઊભી થઈ છે.

## ચીફ ઓફિસર અને ટેન્ડર માફિયાઓનું 'સિન્ડિકેટ મોડલ'

કરજણ નગરપાલિકામાં પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા સીધા વચેટિયાઓ અને અધિકારીઓના ખિસ્સામાં જઈ રહ્યા છે. પાલિકામાં ટેન્ડર પ્રક્રિયા હવે પારદર્શક સરકારી નિયમ નથી રહી, પરંતુ ચોક્કસ માફિયાઓને ફાયદો પહોંચાડવાનું સાધન બની ગઈ છે:

ડેટા લીક અને ગુપ્તતાનો ભંગ: પાલિકાના ચીફ ઓફિસર દ્વારા નિયમોને નેવે મૂકીને, ટેન્ડર ભરનાર સંસ્થાઓના રેટ, દસ્તાવેજો અને નામ-સરનામાની તમામ ગોપનીય માહિતી બારોબાર 'ટેન્ડર માફિયા'ઓને પહોંચાડી દેવામાં આવે છે.

ધમકી અને દબાણની નીતિ: માહિતી મળતા જ વગદાર નેતાના ઈશારે સક્રિય થયેલા માફિયાઓ અન્ય સ્પર્ધક કોન્ટ્રાક્ટરોને ધાક-ધમકી આપે છે, કાયદાકીય કે શારીરિક નુકસાન પહોંચાડવાની ધમકી આપીને ટેન્ડરો પાછા ખેંચાવવા મજબૂર કરે છે.

ફિક્સિંગ અને અતિશય ઊંચા ભાવ: પરિણામે, કોઈ તંદુરસ્ત સ્પર્ધા વિના જ નક્કી કરેલી એજન્સીઓને ઊંચા ભાવે કોન્ટ્રાક્ટ આપીને કરોડો રૂપિયાનું સેટિંગ કરવામાં આવે છે.




## પાલિકા પ્રમુખ માત્ર રબર સ્ટેમ્પ: ભાજપના વગદાર નેતાનું સમાંતર શાસન

સ્થાનિક નાગરિકો અને પાલિકાના અંદરના વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ, કરજણ નગરપાલિકાના ચૂંટાયેલા પ્રમુખ સદંતર લાચાર અને મૂકપ્રેક્ષક બનીને રહી ગયા છે. સંપૂર્ણ પાલિકા વહીવટ ભાજપના એક સ્થાનિક વગદાર નેતાના ઈશારે ચાલે છે.

રસ્તા, ગટર, સ્ટ્રીટ લાઈટ કે સૌંદર્યીકરણનો કોઈ પણ સરકારી પ્રોજેક્ટ હોય – દરેક કામમાં નિશ્ચિત ટકાવારી (કમિશન) નક્કી કર્યા વગર કોઈ ફાઈલ આગળ વધતી નથી. આ મિલીભગતથી ચીફ ઓફિસર ટૂંક સમયમાં જ કરોડો રૂપિયાની બેનામી મિલકતોના માલિક બની બેઠા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

## સૂત્રોનો ચોંકાવનારો દાવો: સંગઠન સુધી પહોંચે છે 'મહિનાનું પેકેટ'

આ કૌભાંડ માત્ર કરજણ શહેર પૂરતું મર્યાદિત નથી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ભ્રષ્ટાચાર આટલા મોટા પાયે ચાલી રહ્યો હોવા છતાં સ્થાનિક કે જિલ્લા કક્ષાએથી કોઈ કાર્યવાહી ન થવાનું મુખ્ય કારણ 'હપ્તા સિસ્ટમ' છે. કરજણ નગરપાલિકામાંથી કમિશન રૂપે ઉઘરાવાતા કરોડો રૂપિયામાંથી દર મહિને લાખો રૂપિયાના 'પેકેટ' કરજણ તાલુકા ભાજપ પ્રમુખ અને જિલ્લા કક્ષાના સંગઠનના હોદ્દેદારો સુધી પહોંચાડવામાં આવે છે. આ હપ્તાખોરીના નેટવર્કના કારણે જ સ્થાનિક તંત્ર કાનમાં આંગળા નાખીને બેસી ગયું છે.

## હાઈકમાન્ડ માટે લાલબત્તી: શું પક્ષની છબી ધોવાઈ જશે?

ગાંધીનગર કમલમ અને દિલ્હી સ્થિત ભાજપ હાઈકમાન્ડ જ્યારે ભ્રષ્ટાચારમુક્ત શાસનની વાતો કરે છે, ત્યારે કરજણ નગરપાલિકા જેવા સ્થાનિક એકમોમાં ચાલતું આ 'ટેન્ડર રાજ' પક્ષના પાયાના કાર્યકરો અને સામાન્ય મતદારોમાં ભારે અસંતોષ ઊભો કરી રહ્યું છે.

જો ભાજપ હાઈકમાન્ડ અને રાજ્યનું વિજિલન્સ ડિપાર્ટમેન્ટ તાત્કાલિક કરજણ નગરપાલિકાના તમામ ટેન્ડરો, ચીફ ઓફિસરની મિલકતો અને સંગઠનના નેતાઓની ભૂમિકાની તટસ્થ તપાસ નહીં કરાવે, તો આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પક્ષે મોટું નુકસાન સહન કરવાનો વારો આવી શકે છે.

**('પાક્કો ગુજરાત' ન્યૂઝના આગામી અંકમાં જુઓ: કયા કોન્ટ્રાક્ટમાં કેટલા ટકા કમિશન લેવાયું? પુરાવા સાથે સનસનાટી ભર્યો ખુલાશો.....**


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## મુસાફરોના ખિસ્સાને મોટી રાહત : GSRTC દૈનિક મુસાફર પાસ યોજનામાં 50% સુધીની ભાડા રાહત જાહેર

ગાંધીનગર

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા રાજ્યના લાખો દૈનિક અપડાઉન કરતા મુસાફરોના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. રોજિંદા ધોરણે બસમાં પ્રવાસ કરતા નોકરિયાત વર્ગ, નાના-મોટા વેપારીઓ, શ્રમિકો અને ધંધાર્થીઓના આર્થિક ભારણને હળવું કરવાના હેતુથી 'દૈનિક મુસાફર પાસ યોજના'ના નિયમોમાં લોકહિતલક્ષી સુધારો કરવામાં આવ્યો છે.

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના સીધા માર્ગદર્શન હેઠળ નિગમ દ્વારા પાસ યોજનાના માળખામાં આ સકારાત્મક ફેરફાર પ્રસ્તાવિત કરાયો છે, જેનાથી મુસાફરોને ભાડામાં સીધી 50 ટકા સુધીની આર્થિક બચત થશે. માસિક પાસ (30 દિવસ): અગાઉ 1 મહિનાના પાસ માટે મુસાફરોએ 18 દિવસનું ભાડું ચૂકવવું પડતું હતું. નવી નીતિ મુજબ હવે માત્ર 15 દિવસના ભાડામાં પૂરા 30 દિવસ સુધી અમર્યાદિત મુસાફરી કરી શકાશે.

અગાઉ 3 મહિનાના પાસ માટે 54 દિવસનું ભાડું વસૂલવામાં આવતું હતું. જેને ઘટાડીને હવે માત્ર 45 દિવસનું ભાડું કરી દેવાયું છે, એટલે કે 45 દિવસના ભાડામાં સતત 90 દિવસ મુસાફરીનો લાભ મળશે.

દરરોજ નોકરી કે ધંધા અર્થે એક શહેરથી બીજા શહેર કે ગ્રામ્ય વિસ્તારમાં પ્રવાસ કરતા મધ્યમ અને નીચલા મધ્યમ વર્ગ માટે આ નિર્ણય વરદાનરૂપ સાબિત થશે. વધતા જતાં પેટ્રોલ-ડીઝલના ભાવ અને મુસાફરીના ખર્ચ વચ્ચે એસ.ટી. નિગમનો આ નિર્ણય સાર્વજનિક પરિવહન (Public Transport)નો ઉપયોગ વધારવામાં પણ મદદરૂપ બનશે. નિગમના આ પ્રજાલક્ષી પગલાંથી મુસાફરોમાં ભારે આનંદની લહેર જોવા મળી રહી છે.

## નકલી દૂધ અને ખાદ્યપદાર્થોના દૂષણ અંગે ગુજરાત સરકાર તથા ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનની કાર્યવાહી

ગાંધીનગર

ગુજરાતમાં બનાવટી કે ભેળસેળયુક્ત દૂધ અને ખાદ્યપદાર્થોના ઉત્પાદન તથા વેચાણ સામે તંત્ર દ્વારા સમયાંતરે કડક ચેકિંગ અને કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે. રાજ્યમાં ખોરાકની સુરક્ષા જાળવવા અને નાગરિકોના આરોગ્યના રક્ષણ માટે ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA) દ્વારા રાજ્યવ્યાપી દરોડા, સેમ્પલ ટેસ્ટિંગ અને કાયદાકીય પદક્ષેપ લેવામાં આવે છે. ભેળસેળયુક્ત અથવા રાસાયણિક દૂધ બનાવતા તત્વો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ એક્ટ (FSS Act) હેઠળ એફ.આઈ.આર. નોંધવામાં આવે છે અને સંકળાયેલા શંકાસ્પદ લોકોની અટકાયત કરવામાં આવે છે. રાજ્યભરની ડેરીઓ, ચિલિંગ સેન્ટરો અને ટ્રાન્સપોર્ટ ટેન્કરોમાંથી એફડીસીએ (FDCA) ની ટીમ દ્વારા નિયમિત ધોરણે દૂધ તથા દૂધની બનાવટો (ઘી, પનીર, માખણ, ચીઝ) ના સેમ્પલ લઈ સરકારી પ્રયોગશાળાઓમાં પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવે છે. વડોદરા અને અન્ય સરકારી એનાલિટિકલ લેબોરેટરીઓ દ્વારા નમૂનાઓની ગુણવત્તા તપાસવામાં આવે છે. જો સેમ્પલ 'અનસેફ' (અસુરક્ષિત) કે 'સબ-સ્ટેન્ડર્ડ' માલૂમ પડે, તો સંબંધિત એકમો સામે કડક કાનૂની પ્રોસિક્યુશન ચલાવવામાં આવે છે. અશુદ્ધ કે હાાનિકારક કેમિકલયુક્ત જથ્થો મળી આવે ત્યારે તંત્ર દ્વારા સ્થળ પર જ માલસામાન સીઝ કરી નાશ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

## આમોદ NH-64 પર વધુ એક વાછરડાનું કરુણ મોત: રખડતા ઢોર સામે તંત્રની કાર્યવાહી ક્યારે?

ભરૂચ, રંગુની જાકીર

આમોદ શહેરમાંથી પસાર થતા NH-64 પર રખડતા પશુઓની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. આમોદ ચાર રસ્તા નજીક અજાણ્યા વાહનની ટક્કરે વધુ એક વાછરડાનું મોત થતાં રખડતા ઢોરના મુદ્દે નગરપાલિકા તંત્રની કામગીરી સામે ફરી સવાલો ઊભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા એક મહિનામાં 3થી 4 નિર્દોષ પશુઓ અકસ્માતનો ભોગ બન્યા હોવાના બનાવો સામે આવ્યા છે. અગાઉ પણ રખડતા ઢોરના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ઈજાઓ થઈ હોવાના બનાવો બન્યા હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. NH-64 પર દિવસ-રાત વાહનોની સતત અવરજવર રહે છે. આવા વ્યસ્ત માર્ગ પર રખડતા ઢોર અચાનક વાહનોની સામે આવી જતા ગંભીર અકસ્માતનું જોખમ ઊભું થાય છે.

ખાસ કરીને રાત્રિના સમયે રસ્તા પર બેઠેલા કે ફરતા પશુઓ વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. એક તરફ રસ્તા પર રખડતા પશુઓ અકસ્માતમાં મોતને ભેટે છે તો બીજી તરફ તેમના કારણે માનવજીવન પણ જોખમમાં મુકાય છે. તેમ છતાં સમસ્યાનો કાયમી ઉકેલ કેમ આવતો નથી તે અંગે નાગરિકોમાં નારાજગી જોવા મળી રહી છે.

## નરોડા GIDCમાં સ્ટેટ વિજિલન્સની ટીમે દારૂનું કટીંગ ઝડપ્યા બાદ નરોડા PIની ડિટેન્શન સેન્ટરમાં બદલી

અમદાવાદ

અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ સી. વી. નાયકનો ડિટેન્શન સેન્ટર ખાતે બદલીનો ઓર્ડર કરી દીધો છે. નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ તરીકે ડિટેન્શન સેન્ટરમાં ફરજ બજાવતા બી.એમ. કાતરીયાને મૂકવામાં આવ્યા છે. પોલીસ કમિશનરે સિંગલ ઓર્ડરમાં પીઆઈની બદલી કરી છે જેમાં વહીવટી કારણોસર બદલી દર્શાવવામાં આવી છે. જોકે પોલીસ સૂત્રોના મુજબ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા જીઆઈડીસી વિસ્તારમાં વિદેશી દારૂનું કટીંગ ઝડપી પાડવામાં આવ્યું હતું. સ્થાનિક નરોડા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી જેથી પોલીસ કમિશનરે બીજા જ દિવસે બદલી કરી હોવાની ચર્ચા છે. છેલ્લા 15 દિવસથી રાજ્યના પોલીસવડા જી.એસ મલિકની સીધી દેખરેખ હેઠળની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા અમદાવાદ શહેરમાં દારૂ, જુગાર અને સ્પામાં રેડ કરવામાં આવી રહી છે. જી.એસ મલિક અગાઉ અમદાવાદ પોલીસ કમિશનર રહી ચૂક્યા છે.

### કેગના ચોંકાવનારા ખુલાસા

# IKDRCમાં ખુલ્લેઆમ કૌભાંડનો ખેલ: ઈ-ટેન્ડર વગર કરોડોના માનીતા કોન્ટ્રાક્ટરોને જલસા, તંત્રનું મૌન!!!




અમદાવાદ

અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (IKDRC) હાલ ગંભીર નાણાકીય અનિયમિતતાઓ અને કૌભાંડોના કારણે વિવાદના વંટોળમાં ઘેરાઈ છે.

વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ ના કેગ (CAG)ના ચોંકાવનારા અવલોકનો દર્શાવે છે કે હોસ્પિટલ વહીવટદારો દ્વારા સરકારી નિયમો અને પારદર્શક ઈ-ટેન્ડરિંગ પ્રક્રિયાને નેવે મૂકીને કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ પોતાના માનીતા એજન્સીઓને પધરાવી દેવામાં આવ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં આ સમગ્ર બાબતનો પર્દાફાશ કરતા જણાવ્યું હતું કે હોસ્પિટલમાં દલા તરવાડી જેવો તાલ સર્જાયો છે, જ્યાં જનતાના ટેક્સના નાણાંનો ખુલ્લેઆમ દુરુપયોગ થઈ રહ્યો છે.

સૌથી મોટો ખેલ ઈન-હાઉસ લોન્ડ્રી સેવાઓમાં જોવા મળ્યો છે. હોસ્પિટલમાં ૧૧.૪૩ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે નવી લોન્ડ્રી અને કિચન સ્થાપિત કરવામાં આવ્યા હતા. જોકે, આ મોંઘાદાટ સેટઅપનો કોઈ ઉપયોગ જ કરવામાં આવ્યો નથી. નવા બિલ્ડિંગમાં તૈયાર થયેલી આધુનિક લોન્ડ્રી ધૂળ ખાઈ રહી છે, જ્યારે જૂના બિલ્ડિંગમાં ચાલતી વ્યવસ્થાને બંધ કરીને આખી સેવા આઉટસોર્સ કરી દેવાઈ છે. આ આઉટસોર્સિંગ માટે કાયદેસરની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાને બદલે માત્ર કોટેશન મંગાવીને વાર્ષિક ૩૬ લાખ રૂપિયાનો (માસિક ૩ લાખ) કોન્ટ્રાક્ટ આપી દેવાયો. નવાઈની વાત એ છે કે જગ્યા, પાણી, વીજળી અને મશીનરી તમામ વસ્તુઓ હોસ્પિટલ પૂરી પાડે છે, અને ખાનગી કોન્ટ્રાક્ટર માત્ર લીનન ધોવાના નામે લાખો રૂપિયા ઘરભેગા કરી રહ્યો છે.

બીજી તરફ, ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ હાઈ વેલ્યુ આર.ઓ. (RO) સિસ્ટમની ખરીદી અને જાળવણીમાં પણ મોટો ઘોટાળો સામે આવ્યો છે. આર.ઓ. મટીરિયલના ૧.૧૯ કરોડ અને સર્વિસના ૧૪.૭૬ લાખ રૂપિયાના કામો માટે ઈ-ટેન્ડરિંગ કરવું અનિવાર્ય હતું. પરંતુ નિયમો બાજુ પર મૂકી માત્ર ત્રણ કોટેશન મંગાવીને મેસર્સ ક્લીઅર આયન એક્સચેન્જ એન્જિનિયર્સને આ કોન્ટ્રાક્ટ સોંપી દેવાયો અને બાદમાં તેને ગેરકાયદેસર રીતે મુદત વધારો (એક્સ્ટેન્શન) પણ આપી દેવામાં આવ્યો.

એર કન્ડીશનીંગ (AC) મેન્ટેનન્સમાં તો ગેરરીતિઓની તમામ સીમાઓ વટાવી દેવાઈ છે. છેલ્લા ૧૭ વર્ષથી એક જ માનીતી કંપની 'ઈશા કુલિંગ સિસ્ટમ'ને ઈ-મેઈલથી કોટેશન મંગાવીને ૧.૦૭ કરોડનો કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યો છે. હોસ્પિટલના કુલ ૪૧૬ એસી યુનિટ્સની સાદી અને કેમિકલ સર્વિસનો વાર્ષિક ખર્ચ વધુમાં વધુ ૨૦.૮૦ લાખ રૂપિયા થાય. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે શું ફક્ત સ્પેરપાર્ટ્સ અને રિપેરિંગ પાછળ વાર્ષિક ૮૬.૨૦ લાખ રૂપિયાનો ખર્ચ થઈ શકે? આટલી રકમમાં તો દર વર્ષે ૧૭૨ નવા એસી ખરીદી શકાય. વધુમાં, ટેન્ડરમાં ન્યૂનતમ સમયગાળો ૩ વર્ષનો હોવા છતાં વર્ક ઓર્ડરમાં કોઈ ચોક્કસ સમય મર્યાદા જ દર્શાવવામાં આવી નથી.

### ગાંધીનગરની 20 મિલકતો સીલ કરી ડિફોલ્ટર્સો પાસેથી 40 લાખ વસૂલ્યા

# મિલકતવેરાને લઈ મહાનગરપાલિકાનું કડક ઉઘરાણું



ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાના મિલકતવેરા વિભાગ દ્વારા ગત વર્ષના બાકી લેણાં નિશ્ચિત સમયમર્યાદામાં ભરપાઈ ન કરનારા ડિફોલ્ટર્સ સામે લાલ આંખ કરીને સીલિંગ અને ટાંચ જપ્તીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કડક મોહિમ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ 20 જેટલી મિલકતોને સીલ મારી દઈ આક્રમક વલણ અપનાવી 40 લાખ બાકી વેરાની વસૂલાત કરાઈ છે. મહાનગરપાલિકાના મિલકતવેરા વિભાગ દ્વારા ગત વર્ષના બાકી લેણાં ધરાવતા મિલકતધારકો સામે એક વ્યાપક અને કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આ સઘન ઝુંબેશને વધુ તેજ બનાવીને અન્ય બાકીદારો સામે પણ આકરાં પગલાં લેવાની સ્પષ્ટ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન પાલિકાને કરદાતાઓ તરફથી અભૂતપૂર્વ સહકાર સાંપડ્યો છે. અત્યાર સુધીમાં કુલ 1,15,288 નાગરિકોએ પોતાની ફરજ સમજીને રૂ. 55.15 કરોડનો મિલકતવેરો જમા કરાવી દીધો છે. આ વર્ષે કેશલેસ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન તરફ લોકોનો ઝુકાવ નોંધપાત્ર જોવા મળ્યો છે. કુલ વસૂલાતના 56.75 ટકા ભાગ એટલે કે રૂ. 31.30 કરોડ જેટલી મોટી રકમ 75,191 કરદાતાઓએ યુ.પી.આઈ., નેટ બેન્કિંગ, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ જેવા ડિજિટલ માધ્યમોથી ચૂકવી છે. જ્યારે 40,097 નાગરિકોએ રૂ. 23.85 કરોડનો વેરો ઓનલાઈન સિવાયના ઓફલાઈન કેશ કે ચેક માધ્યમથી જમા કરાવ્યો છે જે કુલ રકમના 43.25 ટકા હિસ્સો દર્શાવે છે.ચાલુ નાણાકીય વર્ષનો વેરો ભરવા માટે મહાનગરપાલિકાએ સપ્ટેમ્બર માસના અંત સુધીની આખરી સમયમર્યાદા આપી છે. આ મુદત પૂર્ણ થયા બાદ જારી કરાયેલા બિલને જ આખરી નોટિસ ગણીને કોઈપણ આગોતરી જાણ વગર મિલકતો સીલ કરવાની કામગીરી હાથ ધરાશે. નાગરિકોને ઘરેબેઠા બિલ મળી રહે તે માટે ઈન્ડિયા પોસ્ટ મારફતે વિતરણ સુનિશ્ચિત કરાયું છે.

## અંબાજી યાત્રાધામમાં સ્વચ્છતાનો સંકલ્પ

### યાત્રિકો અને વેપારીઓને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા દેવસ્થાન ટ્રસ્ટની અપીલ, શક્તિપીઠ અંબાજી ખાતે પ્લાસ્ટિક મુક્ત અભિયાનને વેગ

અંબાજી

125 કિલોથી વધુ પ્લાસ્ટિક જપ્ત, ભાદરવી પૂનમના મેળા પહેલાં તંત્રની કડક કાર્યવાહી શક્તિપીઠ અંબાજીને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પ્લાસ્ટિક મુક્ત અભિયાનને વધુ વેગ આપવામાં આવ્યો છે. આગામી ભાદરવી પૂનમનો મેળો પ્લાસ્ટિક મુક્ત વાતાવરણમાં યોજાય તે માટે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અત્યારથી જ સઘન કામગીરી શરૂ કરવામાં આવી છે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધિક કલેક્ટર શ્રી કૌશિક મોદીએ અંબાજીમાં પ્લાસ્ટિકના ઉપયોગ સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપતાં ટેમ્પલ ઈન્સ્પેક્ટર સહિત GISFના જવાનોની વિવિધ ટીમો દ્વારા અંબાજીની દુકાનોમાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી.




તપાસ દરમિયાન વિવિધ દુકાનોમાંથી મોટી માત્રામાં પ્લાસ્ટિકની થેલીઓ મળી આવતા તેને જપ્ત કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 125 કિલોથી વધુ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે.

# કડાણા તાલુકાના નાના ભાગલીયા ગામે વધુ એક કૌભાંડ ઉજાગર થયું

### સરદાર આવાસ સહાયના વધુ ચૂકવાયેલા નાણાની વસુલાત કરવા બાબતની નોટિસ મળતા ખેડૂતના ઘરમાં ભૂકંપ સર્જાયો

મહિસાગર, વિજય ડામોર

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ભાગલીયા ગામે રહેતા માલીવાડ મોતીભાઈ અરજણભાઈ ના ત્યાં પટાવાળા દ્વારા સરદાર આવાસ યોજના હેઠળ તમારા ખાતામાં અંકે 20,000 પુરા લાભની રકમનું વધુ ચુકવણું થઈ ગયું છે તે ની વસુલાત કરવા માટેની નોટિસ પાઠવવામાં આવી હતી તે નોટિસમાં પટાવાળા ભાઈ સહી લઈને ગયા. ત્યારબાદ માલીવાડ મોતીભાઈ અર્જન ભાઈએ નોટિસ વાંચ્યા પછી તેમને ખબર પડી કે ખરેખર આતો 2014 15માં સરદાર આવાસ યોજના હેઠળ સરદાર આવાસ યોજના હેઠળ સહાય મંજૂર થઈ હતી પરંતુ તે સરદાર આવાસ માલીવાડ મોતીભાઈ અરજણભાઈ મુકામ. ભાગલીયા તાલુકો. કડાણા. જિલ્લો. મહીસાગર ના નામે ફળવાયુ જ નથી!!?? નોટિસમાં જણાવેલ બેંક ખાતુ બરોડા બેંકનું તેનો એકાઉન્ટ નંબર અને માલીવાડ મોતીભાઈ અર્જનભાઈ નું બેન્ક એકાઉન્ટ નંબર આખો અલગ જ જાણી આવે છે ત્યારે પ્રશ્ન થાય છે કે સરકારી તંત્રમાં ગેરરેદી કેટલા મોટા



પાયે વધી ગઈ છે.!!?? અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે કડાણા તાલુકા વિકાસ અધિકારી દ્વારા તાલુકા પંચાયત કચેરી કડાણા ને નોટીસ- નં - 3 થી નોટિસ આપવામાં આવી કે સરદાર આવા સ યોજના હેઠળ આવા સહાય મંજૂર કરવામાં આવેલ હતી જેમાં સંદર્ભ તળેથી થયેલ ઓડિટમાં ધ્યાને આવ્યા મુજબ તમોને લાભાર્થી તરીકે તમારા બેંક ખાતા નંબર.૧૬૫૭૦૧૦૦૦૧૩૪૬૩ બીઓબી મનપુર શાખામાં રકમ રૂપિયા 20,000 અંકે 20,000 પુરા નું તમોને મળવા પાત્ર લાભની રકમ કરતા વધુ રકમનું ચુકવણું થયાનું જણાય છે. ઉપરોક્ત બાબતોએ સરકારશ્રીના નાણાંની સહાય તમોને મળવાપાત્ર રકમ કરતાં વધુ ચૂકવાયેલ હોય જેની પરત સરકારશ્રીના આવાસ યોજનાના પાકા સદરે 0216 માં જમા કરાવવાના થતા હોય વસુલાત ની રકમ દિન -૭ માં ચલણથી જમા કરી ચલણની નકલ અત્રે રજૂ કરવા જણાવવામાં આવે છે જો તેમ કરવામાં ચૂક કરશો તો તમારી સામે સરકારશ્રીની જોગવાઈઓ મુજબ રેવન્યુ રહે વસૂલાતની કામગીરી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

### એનિમલ વેલ્ફેર ટ્રસ્ટની પોલીસ ફરિયાદ

# પોરબંદર માર્કેટ યાર્ડમાં શ્વાન સાથે ક્રૂરતા : બે વીડિયો વાયરલ

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર શહેરમાં રખડતા શ્વાનો પર અત્યાચારના બનાવો વધી રહ્યા હોવાની ફરિયાદો વચ્ચે પોરબંદર માર્કેટ યાર્ડમાં શ્વાન સાથે અમાનવીય અને ક્રૂર વર્તન કરાતું હોવાના બે વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી છે. આ મામલે ઉદય કારાવદરા ચેરીટેબલ એન્ડ એનિમલ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી સંબંધિત શખ્સ સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. વાયરલ થયેલા વીડિયોમાં એક શ્વાનના પાછલા બે પગ પકડી તેને ગોળ-ગોળ ફેરવવામાં આવતો અને ત્યારબાદ દૂર સુધી ફંગોળવામાં આવતો હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે. વીડિયોમાં દેખાતી વ્યક્તિ કોઈ 'અનિલ' નામના યુવાનની હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. જોકે, આ અંગે પોલીસ દ્વારા સ્થળ તપાસ અને વીડિયોની તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે. ટ્રસ્ટના ડો. નેહલબેન કારાવદરાએ પોલીસને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, મહાનગરપાલિકા દ્વારા નિયમ મુજબ રખડતા શ્વાનોને પકડવાની કાર્યવાહી સામે ટ્રસ્ટને કોઈ વાંધો



નથી, પરંતુ પકડાયેલા શ્વાનોને નિયમો મુજબ આશ્રય, ભોજન અને જરૂરી સુવિધાઓ પૂરી પાડવી જરૂરી છે. નાગરિકોએ પણ શ્વાનોના ઉપદ્રવ અંગે ફરિયાદ હોય તો કાયદેસરની પ્રક્રિયાનો સહારો લેવો જોઈએ અને પોતાના હાથે પ્રાણીઓ પર અત્યાચાર કરવો નહીં. તેમણે વધુમાં જણાવ્યું કે, અગાઉ કમલાબાગ વિસ્તાર તેમજ પોલીસ ચોકીથી ગોધાણિયા કોલેજ તરફ જતા માર્ગની કેટલીક ગલીઓમાં શ્વાનોને ઈજા પહોંચાડવાના બનાવો અંગે પણ માહિતી સામે આવી હતી. બીજી તરફ, શ્વાનોના ઉપદ્રવ અંગે મહાનગરપાલિકામાં ફરિયાદો થતી હોવાની પણ ચર્ચા છે

# પાલીતાણાની સરકારી હોસ્પિટલમાં ટાંકી જ નહીં, છતાં ₹50.43 લાખનું બિલ!: 2 ઈજનેર સસ્પેન્ડ, કોન્ટ્રાક્ટર બ્લેકલિસ્ટ થશે

### આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, રાજ્યની આરોગ્ય સેવાઓ માટે ફાળવવામાં આવતા જાહેર નાણાંના ઉપયોગમાં કોઈપણ પ્રકારની બેદરકારી, ગેરરીતિ કે અનિયમિતતા ચલાવી લેવામાં આવશે નહીં

ગાંધીનગર

ભાવનગરના પાલીતાણાની સરકારી હોસ્પિટલમાં 2.55 લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ પાણીની ટાંકીનું સ્થળ પર કામ થયું જ ન હોવા છતાં તેના માટે 50.43 લાખનું બિલ મંજૂરી માટે રજૂ કરવામાં આવતા આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચ્યો છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ સમગ્ર મામલાની ગંભીર નોંધ લઈ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી છે. જેમાં બે ઈનજરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. પાલીતાણાની સરકારી હોસ્પિટલની આરોગ્ય મંત્રીએ 13 દિવસ પહેલા મુલાકાત કરી હતી ત્યારે હોસ્પિટલ માટે મંજૂર કરાયેલી ભૂગર્ભ પાણીની ટાંકી સ્થળ પર જોવા મળી ન હતી. તપાસમાં સામે આવ્યું કે ટાંકીનું કામ થયું ન હોવા છતાં લાખોનું બિલ વડી કચેરીમાં મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યું હતું. મામલો ધ્યાનમાં આવતા મંત્રીએ તાત્કાલિક વીડિયો કોન્ફરન્સ યોજી પાલીતાણા હોસ્પિટલ અને પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટ (PIU)ના સંબંધિત અધિકારીઓ પાસેથી સમગ્ર પ્રક્રિયાની વિગતો મેળવી હતી. બિલ રજૂ કરવાની પ્રક્રિયામાં જવાબદારી નિભાવનારા અધિકારીઓની ભૂમિકા અંગે પણ ગંભીર સવાલો ઉઠ્યા હતા. બિલ રજૂ કરનાર ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર મેહુલ દવે અને નાયબ કાર્યપાલક ઈજનેર એન.વી. કાલીયા સામે પોલીસ ફરિયાદ નોંધાવવા સૂચના આપવામાં આવી છે. સાથે જ ફરજમાં બેદરકારી બદલ બંને સામે સસ્પેન્શન/ફરજમુક્તિની કાર્યવાહી કરવા પણ આદેશ આપવામાં આવ્યો છે. આ મામલે સંડોવાયેલી ધર્મનંદન કન્સ્ટ્રકશન, સુરત સામે પણ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. કંપનીને બ્લેકલિસ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવા સંબંધિત અધિકારીઓને જણાવાયું છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, રાજ્યની આરોગ્ય સેવાઓ માટે ફાળવવામાં આવતા જાહેર નાણાંના ઉપયોગમાં કોઈપણ પ્રકારની બેદરકારી, ગેરરીતિ કે અનિયમિતતા ચલાવી લેવામાં આવશે નહીં.

### ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર

# ભાવનગરમાં નકલી દારૂ પીવાથી કુલ 4ના મોત: 18 લોકો સારવાર હેઠળ, 4 ICUમાં અને 2 દર્દીઓની હાલત નાજુક

ભાવનગર

ભાવનગર જિલ્લામાં બનાવટી દારૂ પીવાથી 4 લોકોના મોતની કલેક્ટરે પુષ્ટિ કરી છે. ઝેરી દારૂના સેવનના લીધે હાલ 18થી વધુ લોકો સિવિલ અને ખાનગી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. સમગ્ર કેસ મામલે 4 બુટલેગરો ડિટેઈન કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ દરમિયાન ઘટનાની ગંભીરતાને પગલે કલેક્ટરે નિવેદન આપ્યું છે. ભાવનગરમાં નકલી દારૂના લીધે થયેલા મોત મામલે જિલ્લા કલેક્ટરે જણાવ્યું છે કે, 'ડુપ્લીકેટ રોયલ સ્ટેગ દારૂ પીવાથી 4 વ્યક્તિઓના મોત થયા છે. જેમાં કાર્તિક મકવાણા, ઉપેન્દ્રસિંહ ગોહીલ, ઘનશ્યામસિંહ, અને નરેન્દ્ર યાદવનો સમાવેશ થાય છે. જો કે, નરેન્દ્ર યાદવ શંકાસ્પદ છે. હાલ 18 વ્યક્તિઓ હાલ સારવાર હેઠળ છે. જેમાંથી 2 દર્દીઓની હાલત ગંભીર અને 4 વ્યક્તિ આઈસીયુમાં દાખલ છે. જ્યારે 2 વેન્ટિલેટર પર અને 10 લોકો નોર્મલ સ્થિતિમાં સારવાર લઈ રહ્યાં છે.'

આ પણ વાંચો: ભાવનગરમાં લઠ્ઠાકાંડની આશંકા: નકલી દારૂથી 4ના મોત, SPની



અપીલ- દારૂ પીધો હોય તો હૉસ્પિટલ જાઓ

પોલીસ તપાસ અનુસાર, ભાવનગરના ઘોઘાના ખરકડી ગામમાં 16 ઑગસ્ટની રાત્રે 7 મિત્રોએ દારૂ પાર્ટી કરી હતી, જે બાદ આ કરૂણાંતિકા ઘટી હતી. મૃતકના ભાઈએ દારૂમાં પોઈઝન હોવાની શક્યતા વ્યક્ત કરી છે. પોલીસે ડુપ્લીકેટ દારૂનું વેચાણ કરતાં 4 બુટલેગરોને ડિટેઇન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કલેક્ટરે લોકોને અપીલ કરી છે કે રવિવાર અને સોમવારે જે લોકોએ આ ડુપ્લીકેટ દારૂનું સેવન કર્યું હોય તેમણે તાત્કાલિક તબીબી તપાસ કરાવવી અત્યંત મહત્ત્વનું છે.

ડુપ્લીકેટ દારૂ મામલે જિલ્લા પોલીસવડાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, પીડિત અને હ્યુમન સોર્સના આધારે ડુપ્લીકેટ દારૂ સપ્લાય કરનારા ગૌતમ સોલંકી સહિત ચાર બુટલેગરને ઝડપી લેવાયા છે અને છેલ્લા ત્રણથી ચાર દિવસ દરમિયાન તેમણે આ દારૂની સપ્લાય વરતેજ પોલીસ મથક તથા શહેરના જુદા-જુદા વિસ્તારોમાં કરી હતી. જે પૈકી 90 ટકા દારૂ રિકવર કરી લેવાયો છે.

## ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર નિષ્ફળ: ડૉ. મનિષ દોશી

ગૃહ વિભાગની કામગીરી પર આકરા પ્રહારો કરતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, 'કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો' ના સૂત્રો આપીને વાહવાહી ઉઘરાવતા ગૃહમંત્રી અસામાજિક તત્વો અને બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે.

કોંગ્રેસ પ્રવક્તાના મુખ્ય આક્ષેપો: ભાજપ શાસકો અને પોલીસ તંત્રના કથિત હપ્તારાજના કારણે ગુજરાતમાં કરોડો લીટર દારૂ અને ડ્રગ્સ ઘૂસાડવામાં આવી રહ્યું છે. જે ગુજરાત દૂધની શ્વેતક્રાંતિ માટે જાણીતું છે, ત્યાં આજે દારૂના કન્ટેનરો અને ટેન્કરો બેરોકટોક ઠલવાઈ રહ્યા છે. શાળા-કોલેજો સુધી ડ્રગ્સનો પગપેસારો થયો છે. પોર્ટ, એરપોર્ટ અને રેલ્વેના માર્ગેથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ ગુજરાતમાં આવી રહ્યું છે, જે યુવા ધનને બરબાદ કરી રહ્યું છે. ભાવનગરની ઘટના સામે આવ્યા બાદ સ્થાનિક પોલીસ અને સ્ટેટ મોનિટરિંગ સેલે શંકાસ્પદ બુટલેગરોની અટકાયત કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાથમિક તપાસમાં મધ્યપ્રદેશથી લાવવામાં આવેલી ડુપ્લિકેટ દારૂની બાટલીઓ સપ્લાય કરાઈ હોવાનું સામે આવ્યું છે.

## પારુલ યુનિવર્સિટીના વહીવટ સામે બળવો : ભ્રષ્ટાચાર અને દમન સામે NSUI ના તીખા પ્રહારો

પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ, તંત્ર સામે સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર પાઠવાયું

વડોદરા

વડોદરાની ચર્ચિત પારુલ યુનિવર્સિટી ફરી એકવાર વિવાદના વંટોળમાં ઘેરાઈ છે. યુનિવર્સિટી કેમ્પસમાં ચાલી રહેલા કથિત ભ્રષ્ટાચાર, વહીવટી ગફલતો અને વિદ્યાર્થીઓના અવાજને સામસામે ડામી દેવાની સત્તાધીશોની નીતિ સામે આજરોજ NSUI દ્વારા આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના હિત માટે રોડ પર ઉતરેલા કાર્યકરોએ કલેક્ટર કચેરી ખાતે ભારે હંગામો મચાવ્યો હતો, જેના કારણે કેમ્પસથી લઈને સરકારી તંત્ર સુધી ભારે દોડધામ મચી ગઈ હતી. NSUI ના અગ્રણીઓનો સીધો આક્ષેપ છે કે પારુલ યુનિવર્સિટીના સત્તાધીશો માત્ર શિક્ષણના નામે વેપાર ચલાવી રહ્યા છે. યુનિવર્સિટીમાં મોટા પાયે આર્થિક ગફલતો અને વહીવટી ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. જ્યારે પણ કોઈ વિદ્યાર્થી કે સંગઠન પોતાના હક કે સવલતો માટે અવાજ ઉઠાવવાનો પ્રયાસ કરે છે, ત્યારે યુનિવર્સિટી પ્રશાસન દમનકારી નીતિ અપનાવીને તેમનો અવાજ દબાવી દે છે. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થઈ રહેલા આ ખુલ્લા ખિલવાડ સામે હવે વિદ્યાર્થી આલમમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આજરોજ કલેક્ટર કચેરી ખાતે વિરોધ દર્શાવવા પહોંચેલા NSUI ના કાર્યકરોને રોકવા માટે પોલીસે ભારે બંદોબસ્ત ખડકી દીધો હતો. પ્રદર્શન દરમિયાન પોલીસ અને NSUI ના કાર્યકરો વચ્ચે જોરદાર બોલાચાલી અને તીખી બહેસના દ્રશ્યો સર્જાયા હતા.

### ગુજરાતમાં સત્તા પરિવર્તનના એંધાણ

## બારડોલી સુગર મિલના પરિણામે ભાજપ હાઈકમાન્ડને વિચારતા કર્યા

ગાંધીનગર

ગાંધી અને સરદારની ભૂમિ ગુજરાતમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. તાજેતરમાં સામે આવેલા સહકારી ક્ષેત્રના ચૂંટણી પરિણામોએ રાજ્યના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જ્યો છે. બારડોલી સુગર મિલની ચૂંટણીમાં ભાજપના વર્તમાન ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ઈશ્વર પરમારની થયેલી સરેઆમ હારને આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ માટે લાલ બત્તી સમાન ગણવામાં આવી રહી છે.

સહકારી ક્ષેત્રમાં ભાજપના ગઢ ગણાતા બારડોલીમાં જ ભાજપ પ્રેરિત પેનલ અથવા દિગ્ગજ નેતાની હારથી પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ તેમજ ભાજપ હાઈકમાન્ડ સ્તબ્ધ થઈ ગયું છે. દિલ્હીથી લઈને ગાંધીનગર સુધીના રાજકીય વર્તુળો અને સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ચિંતાજનક પરિણામે ભાજપના આકાઓને ગંભીરતાથી વિચારતા કરી મૂક્યા છે.

ભાજપ માટે લોઢાના ચણા જેવા બનશે આગામી ચૂંટણીના સમીકરણો બારડોલીના આ પરિણામો માત્ર એક મિલ પૂરતા સીમિત નથી, પરંતુ તે ગુજરાતના મતદારોની બદલાતી માનસિકતાનો સંકેત આપે છે. ખેડૂતો અને સામાન્ય જનતા હવે જાગૃત બની રહી છે અને અંધશ્રદ્ધા કે પક્ષીય મહોરા પાછળ આંધળો વિશ્વાસ મૂકવા તૈયાર નથી.

વર્તમાન ધારાસભ્યની હાર એ સ્પષ્ટ દર્શાવે છે કે સ્થાનિક સ્તરે અસંતોષ અને વિરોધનો વંટોળ ઊભો થયો છે.

નેતૃત્વ માટે ચેતવણીરૂપ ઘંટડી: પ્રદેશ નેતૃત્વ અને સંગઠન માટે બારડોલીનું પરિણામ એક મોટો ઝટકો છે, જે સાબિત કરે છે કે ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ ચિંતાજનક છે.

ગુજરાતમાં સહકારી માળખું એ રાજકારણની કરોડરજ્જુ ગણાય છે, અને તેમાં પડેલુ ધાબું આગામી સત્તાકીય સમીકરણો બદલી શકે છે.

હવે રાજ્યભરમાં એક જ સવાલ પૂછાઈ રહ્યો છે: શું ગુજરાતના જાગૃત મતદારો આગામી વિધાનસભા ચૂંટણીમાં સત્તા પરિવર્તનનો મોટો તખ્તો ઘડશે, કે પછી ભાજપ પોતાની તમામ તાકાત ઝોંકીને ડ કન્ટ્રોલ કરી સત્તા બચાવી લેશે?

હાઈકમાન્ડ માટે હવે પરિસ્થિતિ સુધારવી એ કોઈ પડકારથી ઓછી નથી. જો પ્રજાના આ અસંતોષને વહેલી તકે ઉકેલવામાં નહીં આવે, તો આવનારી વિધાનસભાની ચૂંટણી શાસક પક્ષ માટે ભારે કપરી સાબિત થશે તેમાં કોઈ શંકા નથી.

## E20 પેટ્રોલનો ખેલ: જૂના વાહનોનું 'મૃત્યુ ઘંટ' વાગ્યું, જનતાના ગજવાં પર સીધો ડાકો!

ગાંધીનગર

ખાદ્યપદાર્થો અને દૂધ-દવાઓમાં ભેળસેળના કિસ્સા તો દેશમાં રોજના થઈ ગયા છે, પરંતુ હવે સરકારી સ્તરે જ ઈંધણમાં કાયદેસર રીતે ઈથેનોલ ભેળવીને જનતાને આર્થિક ફટકો મારવાનો નવો ખેલ શરૂ થયો છે. અત્યાર સુધી જે શુદ્ધ પેટ્રોલ સામાન્ય માણસને અંદાજે ૧૦૦ રૂપિયા પ્રતિ લીટરે મળતું હતું, તેને રૂ. ૧૯૭ના તોતિંગ ભાવે પહોંચાડી દેવાયું છે. મોટાભાગના પેટ્રોલ પંપો પરથી શુદ્ધ પેટ્રોલ ગાયબ થઈ ચૂક્યું છે અને વાહનચાલકોને ઈથેનોલ મિશ્રિત E20 પેટ્રોલ વાપરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. ઓટોમોબાઈલ નિષ્ણાતો અને વાહનચાલકોની ફરિયાદ છે કે E20, E30 કે E85 ઈંધણ જૂના વાહનોના એન્જિન, રબરની પાઈપો અને મેટલ પાર્ટ્સ માટે અત્યંત નુકસાનકારક છે. ઊંચા ઈથેનોલ મિશ્રણને કારણે એન્જિનમાં ભેજ જમા થાય છે, જેનાથી ઈંધણ પ્રણાલીમાં કાટ અને લિકેજની સમસ્યા ઊભી થાય છે. સાદા શબ્દોમાં કહીએ તો, આ ઈંધણ જૂના વાહનો માટે મૃત્યુ ઘંટ સમાન સાબિત થઈ રહ્યું છે. વાહનની માઈલેજ ઘટી રહી છે અને મેન્ટેનન્સનો ખર્ચ બમણો થઈ રહ્યો છે. ઈથેનોલનું ઉત્પાદન પેટ્રોલ કરતાં ઘણું સસ્તું પડે છે. જો ઈંધણમાં ૨૦% સસ્તું ઈથેનોલ ઉમેરવામાં આવતું હોય તો ગ્રાહકોને પેટ્રોલના ભાવમાં રાહત મળવી જોઈએ. તેના બદલે, શુદ્ધ ઈંધણને રૂ. ૬૦ પ્રતિ લીટર મોંઘું કરી દેવાયું છે. ગ્રાહકોને ઓછી ગુણવત્તાવાળું અને એન્જિન બગાડતું ઈંધણ પધરાવીને ભાવ પૂરેપૂરા વસૂલવામાં આવી રહ્યા છે, જે સીધેસીધી જનતાના ખિસ્સા પર સત્તાવાર તરાપ છે.

### તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ

## ડભોઈના કુંભારવાડા રોડ પર અચાનક મોટો ભૂવો પડ્યો: રેતી ભરેલું ડમ્પર ગરકાવ થતાં મચી નાસભાગ

ડભોઈ

ડભોઈ નગરમાં રસ્તાઓની અત્યંત બિસ્માર હાલત વચ્ચે આજે એક મોટી ગંભીર દુર્ઘટના બનતા માંડ-માંડ ટળી છે. કુંભારવાડા તરફ જતા મુખ્ય માર્ગ પરથી રેતી ભરેલું એક ભારેખમ ડમ્પર પસાર થઈ રહ્યું હતું, તે દરમિયાન રસ્તાની હલકી ગુણવત્તા અને પોચી સપાટીના કારણે અચાનક જ જમીન ધસી પડી હતી અને રસ્તા વચ્ચે એક વિશાળ ભૂવો પડી ગયો હતો.

ચાલુ ગાડીએ અચાનક ભૂવો પડતાં જ રેતી ભરેલા ડમ્પરના પાછળના બંને ટાયર જમીનમાં ઊંડે સુધી ગરકાવ થઈ ગયા હતા અને ડમ્પર એક તરફ જોખમી રીતે નમી પડ્યું હતું. રસ્તા વચ્ચે ડમ્પર ફસાઈ જતાં વાહનવ્યવહાર પહ ખોરવાઈ ગયો હતો અને રસ્તાની બંને બાજુ કલાકો સુધી ભારે ટ્રાફિકજામના



દ્રશ્યો સર્જાયા હતા.

ઘટનાની ગંભીરતાને જોતાં ડમ્પરનું વજન ઘટાડવા માટે સૌપ્રથમ તેમાંથી તમામ રેતી ખાલી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થળ પર ભારે ક્રેન બોલાવવામાં આવી હતી. ક્રેનની મદદથી અને કલાકોની ભારે જહેમત બાદ ડમ્પરને ખાડામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને નગરપાલિકાનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને રસ્તા પરનો ટ્રાફિક હળવો કરવાની કવાયત હાથ ધરી હતી.

આ વિસ્તારના રહીશોના જણાવ્યા અનુસાર, ડભોઈના માર્ગોની અત્યંત ખરાબ હાલતને કારણે નાના-મોટા તમામ વાહનચાલકો અને રાહદારીઓ લાંબા સમયથી હાલાકી ભોગવી રહ્યા છે. મુખ્ય માર્ગ પર જ અચાનક આટલો મોટો ભૂવો પડી જવાની લાલિયાવાડી સામે સ્થાનિકોમાં પાલિકા તંત્ર વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રજાનો આક્રોશ છે કે તંત્ર કોઈ મોટી જાનહાનિ કે હોનારતની રાહ જોઈ રહ્યું છે? રહીશોએ ઉગ્ર માંગ કરી છે કે તાત્કાલિક ધોરણે આ સમગ્ર રોડનું ગુણવત્તાયુક્ત સમારકામ કરવામાં આવે, નહીંતર આગામી દિવસોમાં મોટું આંદોલન કરવામાં આવશે.

### ભરૂચમાં ACBનો મોટો ધમાકો

## ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના મદદનીશ કમિશનર સહિત મહિલા ડ્રગ્સ ઇન્સ્પેક્ટર રૂપિયા 40 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

ભરૂચ

ભરૂચ શહેરમાં લાંચરુશવત વિરોધી બ્યુરો (ACB) એ એક મોટી અને સફળ કાર્યવાહી કરીને સરકારી બાબુઓમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. ભરૂચ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના મદદનીશ કમિશનર અને ડ્રગ્સ ઈન્સ્પેક્ટર નાણાંની ભૂખમાં ભાન ભૂલીને લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા



છે. ભ્રષ્ટાચાર નાબૂદીની દિશામાં ACB ની આ કાર્યવાહીથી લાંચિયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, એક જાગૃત નાગરિક દ્વારા દવાના હોલસેલ વેચાણ માટેના લાઈસન્સ મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. આ લાઈસન્સ મંજૂર કરવાની પ્રક્રિયા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના મદદનીશ કમિશનર પ્રકાશભાઈ પોસનાની તેમજ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર સુરભીબેન દેસાઈ દ્વારા રૂ. ૫૦,૦૦૦ ની ગેરકાયદેસર લાંચની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે નર્મદા ACB નો સંપર્ક કરી સમગ્ર મામલે લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે નર્મદા ACB PI ડી.ડી. વસાવા અને તેમની ટીમે તાત્કાલિક હરકતમાં આવીને મજબૂત છટકું ગોઠવ્યું હતું. રકઝક બાદ રૂ. ૪૦,૦૦૦ ની રકમ નક્કી કરવામાં આવી હતી.

## દેવગઢબારિયામાં સ્વચ્છતાના ખુલ્લેઆમ ધજાગરા : સ્વાગત હાઈસ્કૂલ બહાર ગટર અને ટોયલેટનું પાણી રસ્તા પર વહેતાં આક્રોશ

દેવગઢબારિયા, જાબીર શુક્લા

દેવગઢબારિયા શહેરમાં સ્થાનિક નગરપાલિકા તંત્રની ઘોર બેદરકારી અને લાપરવાહીના કારણે સ્વચ્છતા અભિયાનના ખુલ્લેઆમ ધજાગરા ઊડતા જોવા મળી રહ્યા છે. સ્માર્ટ સિટી અને સ્વચ્છતાના મોટા મોટા દાવાઓ વચ્ચે વાસ્તવિકતા કંઈક જુદી જ ચિત્ર રજૂ કરી રહી છે. શહેરના અત્યંત ધમધમતા અને મહત્વપૂર્ણ એવા સ્વાગત હાઈસ્કૂલ બહારના મુખ્ય માર્ગ પર ગટરના પાણી ઓવરફ્લો થતાં સમગ્ર રસ્તા પર દુર્ગંધયુક્ત ગંદકીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. તંત્રની આ ઊંઘતી નીતિના કારણે સ્થાનિક રહીશો, વેપારીઓ અને વાહનચાલકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. મુખ્ય માર્ગ પર ગટર તેમજ ટોયલેટનું દૂષિત અને ગંદુ પાણી સતત નદીની જેમ વહી રહ્યું છે, જેના કારણે આખો વિસ્તાર મચ્છરો અને બેક્ટેરિયાનું ઘર બની ગયો છે. સૌથી ગંભીર બાબત તો એ છે કે દરરોજ આ જ રસ્તેથી સેંકડો વિદ્યાર્થીઓ સ્વાગત હાઈસ્કૂલમાં શિક્ષણ મેળવવા માટે આવે છે. ભવિષ્યના નાગરિક એવા માસૂમ બાળકોને શાળાએ પહોંચવા માટે આ અસહ્ય દુર્ગંધ અને ગંદકીભર્યા પાણીમાંથી પગપાળા પસાર થવાની ફરજ પડી રહી છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે વિદ્યાર્થીઓ અને રાહદારીઓએ પોતાના મોઢા પર રૂમાલ કે કાપડ બાંધીને નીકળવું પડી રહ્યું છે. શિક્ષણના પવિત્ર ધામ ગણાતી શાળાની બહાર જ આટલી ભયાનક અસ્વચ્છતા હોય, તો સામાન્ય વિસ્તારોની શું સ્થિતિ હશે તે વિચારી શકાય છે.

રસ્તા પર ફરી વળેલા આ ગંદા પાણીના કારણે વાહનોના સ્લિપ થવાના અને અકસ્માત સર્જાવાના બનાવો પણ વધી રહ્યા છે. સાથે સાથે ચોમાસા જેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં આસપાસના રહીશોમાં ભયંકર રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઊભી થઈ છે.

### ડભોઈ ST ડેપોમાં સ્વચ્છતા અભિયાન'ના ધજાગરા

## કચરાપેટીઓ ગાયબ થતાં મુસાફરો અને વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા

ડભોઈ

ડભોઈ એક તરફ ગુજરાત સ રકાર રાજ્યભરમાં સ્વચ્છતા અભિયાનના નામે લાખો રૂપિયાનો ધુમાડો કરી મોટી મોટી જાહેરાતો ક રી રહી છે, ત્યારે બીજી તરફ ડભો ઈ એસ.ટી. ડેપોમાં વાસ્તવિકતા સાવ અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે.

ડભોઈ ડેપો પરિસરમાં મુસાફરો અને વિદ્યાર્થીઓની સુવિધા માટે મૂકવામાં આવેલી તમામ ડસ્ટબિન (કચરાપેટીઓ) અચાનક ગાયબ થઈ જતાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે દૈનિક હજારો મુસાફરો અને ૨૦૦થી વધુ બસોની અવરજવર ડભોઈ શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને જોડતા આ મુખ્ય



એસ.ટી. ડેપોમાં રોજના હજારો મુસાફરો, નોકરિયાતો અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ અવરજવર કરે છે.

આ ડેપો પરથી દૈનિક ૨૦૦થી વધુ એસ.ટી. બસોનું સંચાલન થાય છે આટલી મોટી સંખ્યામાં લોકોની અવરજવર હોવા છતાં ડેપો પરિસરમાં કચરો નાખવા માટે એક પણ કચરાપેટી ન હોવી તે તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે ડેપો પ્રશાસનની અણઘડ નીતિ અને મુસાફરોની હાલાકી કચરો ફેંકવા બહાર જવું પડે છે ડેપોમાં કચરાપેટીઓ ન હોવાને કારણે મુસાફરો અને વિદ્યાર્થીઓ ભારે મૂંઝવણમાં મુકાયા છે. નાસ્તો કે પાણીની બોટલ જેવા કચરાના નિકાલ માટે લોકોને ડેપો પરિસરની બહાર જવું પડે છે અથવા તો નાછૂટકે જાહેરમાં કચરો ફેંકવો પડે છે.

કચરાપેટીના અભાવે પ્લેટફોર્મ અને ડેપો પરિસરમાં ઠેર-ઠેર કચરાના ઢગલા થવા લાગ્યા છે, જેના કારણે સ્વચ્છતા જોખમાઈ છે તંત્રની આંખ આડા કાન: સ્થાનિક ડેપો મેનેજમેન્ટ અને વહીવટી તંત્રની નિષ્ક્રિયતાના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું હોવાનો આક્ષેપ મુસાફરો કરી રહ્યા છે.

### ધારાસભ્યની રજૂઆત બાદ તંત્ર દોડતું થયું

## વાગરાના સારણમાં હિમાની કંપનીના પ્રદૂષણથી પાક બરબાદ : GPCBની કામગીરી સામે સવાલો

વાગરા, સૈફ અલી ભટ્ટી

વાગરા તાલુકાના સારણ ગામના ખેડૂતોએ હિમાની કંપની દ્વારા છોડવામાં આવતા દૂષિત પ્રદૂષણ સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. કંપનીના પ્રદૂષણને કારણે સ્થાનિક ખેતીને ગંભીર નુકસાન થઈ રહ્યું હોવાનો ખેડૂતોનો આક્ષેપ છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, કંપનીમાંથી નીકળતા પ્રદૂષિત પાણી અને હવાને કારણે તેમના મગ, અડદ, મઠ, ચણા અને કપાસ જેવા મહત્વના રોકડીયા પાકો સંપૂર્ણપણે નિષ્ફળ જઈ રહ્યા છે. પાકના છોડ પીળા પડી જાય છે અને સુકાઈ જાય છે, જેના કારણે ખેડૂતોને હજારો રૂપિયાનું નુકસાન વેઠવું પડી



રહ્યું છે અને તેમની આર્થિક સ્થિતિ કફોડી બની છે.

આ મામલે ખેડૂતોએ અગાઉ ભરૂચ જિલ્લા કલેક્ટર અને વાગરા મામલતદારશ્રીને લેખિત આવેદનપત્ર આપી કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

મામલતદારશ્રીના આદેશ બાદ GPCBની ટીમ દ્વારા સ્થળ પર તપાસ કરવામાં આવી હતી, પરંતુ ખેડૂતોએ તે તપાસની પારદર્શિતા સામે ગંભીર શંકા વ્યક્ત કરી હતી. ખેડૂતોનું કહેવું છે કે તપાસ માત્ર કાગળ પર જ થઈ હતી, પ્રદૂષણ અટક્યું ન હતું. ત્યારબાદ ન્યાયની આશાએ સારણ ગામના ખેડૂત આગેવાનો વાગરાના ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણાને રૂબરૂ મળ્યા હતા અને પોતાની વ્યથા રજૂ કરી હતી.

ખેડૂતોનો આક્ષેપ છે કે ધારાસભ્યશ્રીને મળ્યા બાદ અને તેમના હસ્તક્ષેપ પછી જ GPCBનું તંત્ર અચાનક દોડતું થયું છે અને ફરીથી સારણ ગામમાં તપાસ માટે પહોંચ્યું છે. આ ઘટના GPCB જેવી જવાબદાર સંસ્થાની અગાઉની કામગીરીને શંકાના દાયરામાં મૂકે છે.

એક ખેડૂત આગેવાને જણાવ્યું હતું કે, 'જો પહેલેથી જ નિષ્પક્ષ અને સાચી તપાસ થઈ હોત તો અમારા પાકનું આટલું મોટું નુકસાન ન થાત. ધારાસભ્યની રજૂઆત પછી જ તંત્ર જાગે છે તે દુ:ખદ છે.'

હાલ સારણ ગામના ખેડૂતોની એક જ માંગ છે કે, સ્થાનિક ખેતી અને ગ્રામજનોના સ્વાસ્થ્યને બચાવવા માટે GPCB દ્વારા આ વખતે નિષ્પક્ષ તપાસ કરી કસૂરવાર હિમાની કંપની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે.

# શંકા-કુશંકાને તિલાંજલિ આપી રક્ષાબંધન શુક્રવારે આખો દિવસ રાખડી બાંધવા જાથાની અપીલ

શુક્રવાર તા. ૨૮મી એ આખો દિવસ બહેન-ભાઈને રાખડી બાંધી શકશે.

પુનમને શુક્રવારે રક્ષાબંધનની ઉજવણી કરવા વિજ્ઞાન જાથાની અપીલ.

શંકા-કુશંકા, ચોઘડીયા, મુર્હુતને ફગાવી આખો દિવસ રાખડી બાંધવી.

બહેન-ભાઈના ત્યૌહારમાં જ્યોતિષીઓ અસમંજસ ઉભી કરે છે.

નકારાત્મક ફળકથનો સામે જાથા આશ્ચર્યજનક કાર્યક્રમ આપશે.

તા. ૨૭-૨૮ મી એ બહેનની મરજી મુજબ રાખડી બાંધી શકશે.

ભારતમાં સદીઓથી ધાર્મિક તેમજ સામાજિક ત્યૌહારની ઉજવણી વખતે

અમુક જ્યોતિષીઓ, લેભાગુઓ ચોપડીના આધારે ભદ્રા યોગ, ધર્મ સિંધુ ગ્રંથો, દ્વિધા, શંકા-કુશંકા ઉભી કરી ફળકથનો આપી લોકોમાં અસમંજસ ઉભી કરી મુર્હુત, ચોઘડીયા, શુભ-અશુભ દર્શાવી વાતાવરણ ડહોળતા નજરે પડે છે તેનો ભારત જન વિજ્ઞાન જાથા સદૈવ વિરોધ કરે છે. આ વર્ષે પુનમનો ભાગ તા. ૨૭ અને તા. ૨૮મી દર્શાવી રાખડી શુક્રવાર સવારે ૧૧ પહલા બાંધવી તેવી વણમાગી સલાહ આપી છે. જેથી રક્ષાબંધન બહેન-ભાઈનો પવિત્ર ત્યૌહાર હોય આખો દિવસ રાખડી બાંધી શંકા-દ્વિધાને તિલાંજલિ આપવા જાથાએ અનુરોધ કર્યો છે. બે દિવસ પોતાની મરજી મુજબ રાખડી બાંધવી શુભ જ ગણાય છે.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજયમાંથી જાગૃત લોકોએ ટેલિફોન ઉપર પૃચ્છા કરતાં શંકાનું સમાધાન કરવા પુનમનો ભાગ તા. ૨૭ મી અને તા. ૨૮મી સવાર સુધી આવતો હોય અને ગ્રહણ અને પુનમ શુક્રવારે હોય સવારથી મોડી રાત સુધી બહેન ભાઈને રાખડી બાંધી શકશે, તેમાં નકારાત્મક વિચારને તિલાંજલિ આપી બહેન અનુકુળતા મુજબ ભાઈને રાખડી બાંધી લાગણી, સ્નેહ, પ્રેમનું આદાનપ્રદાન કરી શકશે. ત્યૌહારોમાં મુર્હુત- ચોઘડીયા જોવાની કશી જ જરૂર નથી તેવો જાથા મત દર્શાવે છે. સકારાત્મક વલણથી ગુરૂવાર-શુક્રવારે રાખડી બાંધવી તેવું જાથા માને છે. ૨૧ મી સદીમાં જ્યોતિષની ચોપડી માનવી



માટે અવરોધક સાબિત થઈ ગયેલ હોય તેના ફળકથનો ફગાવવા અપીલ કરે છે.

વધુમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર દર મિનિટે-સેકન્ડે સારી-ખરાબ, શુભ-અશુભ, હોની-અનહોની ઘટના બને છે તેને કોઈ રોકી કે અટકાવી શકતું નથી. કુદરત પોતાના નિયમમાં સર્વોપરી સાથે અકબદ્ધ છે. તેને પ્રાર્થના, પૂજા-પાઠ, જપ-તપ, અનુષ્ઠાન, માનતા સાથે કશી જ લેવા દેવા નથી. તેથી સકારાત્મક વલણ રાખવા જાથા પોતાનો વિચાર મૂકે છે. તેમાં શુક્રવાર આખો દિવસ બહેન માટે રાખડી બાંધવી શુભ જ છે. મુર્હુત-ચોઘડીયાની માનસિક પછાતતામાંથી બહાર આવવા જાથા અનુરોધ કરે છે. વિશ્વની આઠ અબજની વસ્તીમાં માત્ર હિન્દુઓને માથે જ્યોતિષીની ચોપડી ઉજવણી વખતે બાધારૂપ કામ કરે છે તેને દેશવટો આપવા જાથા પોતાનો વિચાર પ્રગટ કરે છે.

વિશેષમાં જયંત પંડયા જણાવે છે કે લોકો ઉપર એકાએક આવતી મુશ્કેલી, આપત્તિ વખતે ધાર્મિક ગ્રંથો અસરકર્તા નથી તેવું નજરે જોયું છે. કોરાના વખતે આ ચોપડી નિ:સહાય સાબિત થઈ હતી. દુનિયામાંથી કોઈએ આગોતરી જાણકારી આપી નથી. વિશ્વના તમામ ધાર્મિક સ્થાનો, મંદિરો, મસ્જિદો, ચર્ચો, દેવળ સ્થાન કે ગુરૂદ્વારા બંધ રહ્યા હતા. મેડિકલ સારવારથી લોકોને રાહત થઈ હતી. પૂજા-પાઠ, જપ-તપ, પ્રાર્થનાનું કશું જ ઉપજણ ન હતું તેમાંથી બોધપાઠ લેવો જોઈએ. તેથી રાખડી આખો દિવસ બાંધવામાં કશું જ નુકશાનકર્તા નથી. આકસ્મિક ઘટનાને લેભાગુઓ ચાલાકીથી બતાવી ભય ઉભો કરશે તેની જાથા આગોતરી જાણ કરે છે. જાથા જ્યોતિષની ચોપડી, મુર્હુત, ચોઘડીયા, શુભ-અશુભમાં શ્રધ્ધા કે વિશ્વાસ ધરાવતું નથી. તેથી માનવું કે ન માનવું લોકોના અધિકાર ક્ષેત્રમાં આવે છે.

જાથાના જયંત પંડયા તા. ૨૮ મી શુક્રવાર સવારે ૧૧ પછી સામુહિક રક્ષાબંધન ત્યૌહાર બહેન-ભાઈને રાખડી બાંધી સ્નેહનું તાંતણું બાંધી ઉજવણી કરશે. ત્યાર બાદ નકારાત્મક ફળકથનો સામે આશ્ચર્યજનક કાર્યક્રમ આપી લોકોમાં દ્રઢ મનોબળ આવે તેવું આયોજન નક્કી કર્યું છે. જાથાની શાખાઓ, શુભેચ્છકો, સમર્થકો પોતાના ગામ, વિસ્તારમાં રક્ષાબંધનની ઉજવણી કરી વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવશે. અકસ્માત રોજીંદી પ્રક્રિયાનો ભાગ છે તેવું સૌ કોઈ માને છે. જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ કાયદાની મર્યાદા સાથે લોકલાગણી ધ્યાને રાખી પર્વ કાર્યક્રમ યોજવા અપીલ કરવામાં આવે છે. વિજ્ઞાન યુગમાં મુર્હુત-ચોઘડીયાની લપમાંથી લોકોને બહાર આવવું પડશે. વિમાન યુગ અને જેટ યુગને છોડી ગાડા યુગમાં જવું તે લોકોએ નક્કી કરવું. વર્તમાન સમયે માનવી ૨૪ કલાક વિજ્ઞાન વગર જીવી શકે તેમ નથી. દર મિનિટે વિજ્ઞાન ઉપલબ્ધિનો ઉપયોગ કરતો વ્યક્તિ વિજ્ઞાનનો પરાજય થાય તેવી માનસિકતા જોવા મળે છે તે દુઃખ છે. લોકોને ભદ્રાવિષ્ટિ, ભદ્રાદોષ, ભદ્રાકાલ, યોગ-કરણ, તિથિ ઉદિતનું કે ધર્મ સિંધુ ગ્રંથોની વાત કે ફળકથનોની જનસમાજને જરૂર નથી કે તેમાં રસ નથી. સદીઓથી ત્યૌહાર, ઉત્સવો કે ઉજવણીમાં બાધા નાખતા લેભાગુઓથી સાવધાન રહેવું જોઈએ.

રાજયમાં તમામ જિલ્લા મથકે શુક્રવાર સવારે ૧૧ વાગ્યા પછી રક્ષાબંધન પર્વની ઉજવણી સાથે રાખડી બાંધવાનો કાર્યક્રમ યોજાશે તેમાં જિલ્લાના રાજકોટ, અમદાવાદ, અમરેલી, સુરેન્દ્રનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ, મોરબી, જામનગર, કચ્છ ભુજ, અરવલ્લી મોડાસા, આણંદ, ખેડા નડીયાદ, ગાંધીનગર, છોટા ઉદેપુર, ડાંગ આહવા, તાપી વ્યારા, વાવ-થરાદ, દાહોદ, નર્મદા રાજપીપળા, નવસારી, પાટણ, પંચમહાલ ગોધરા, બનાસકાંઠા પાલનપુર, ભરૂચ, મહિસાગર લુણાવાડા, મહેસાણા, વડોદરા, વલસાડ, સાબરકાંઠા હિંમતનગર, સુરત જિલ્લાઓમાં કાર્યક્રમને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

જાથાના દિનેશ હુંબલ, અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, રવિ પરબતાણી, નિર્મળ મેત્રા, રાજુ યાદવ, વિનોદ વામજા, અશ્વિન કુગશીયા, અરવિંદ પટેલ, વિનુભાઈ લોદરીયા, જે. ડી. ઢોલરીયા, કાર્તિક ભટ્ટ, સાહિલ રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, રામભાઈ આહિર, વિક્રમ આહિર, ભકિતબેન રાજગોર, ભાનુબેન શેઠીયા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, એડવોકેટ હર્ષાબેન પંડયા, જીવનનગર મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, આશાબેન મજેઠીયા, જ્યોતિબેન પુજારા, ભારતીબેન ગંગદેવ, યોગીતાબેન જોબનપુત્રા, ભારતીબેન રાવલ, શોભનાબેન ભાણવડિયા, પ્રફુલ્લાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, જયશ્રીબેન મોડેસરા સહિત કાર્યકરો રક્ષાબંધન પર્વની ઉજવણીની તૈયારી કરી રહ્યા છે.

અંતમાં શુક્રવાર આખો દિવસ રક્ષાબંધન ત્યૌહારની ઉજવણી કરવી. જાથા સવારે ૧૧ વાગ્યે સામુહિક રક્ષાબંધન પર્વની ઉજવણી કરશે અને નકારાત્મક આગાહી ફળકથનોની સામે આશ્ચર્યજનક કાર્યક્રમ આપી લોકોને મુર્હુત-ચોઘડીયાની લપમાંથી બહાર આવવા માટેનો પ્રયત્ન કરશે. માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.


## તંત્રી લેખ...

# ભાવનગરમાં ઝેરી લથાકાંડ બાદ જાગેલું પોલીસ તંત્ર: હપ્તાખોરી અને લાશોના ઢગલા વચ્ચે ક્યારે બંધ થશે આ ખૂની ખેલ?

મહાત્મા ગાંધી અને સરદાર પટેલના ગુજરાતમાં 'ગાંધીના વિચારો' અને 'કાયદાના રાજ'ની વાત માત્ર ચોપડે જ શોભે છે. ભાવનગરમાં ઝેરી નકલી દારૂ પીવાથી અનેક નિર્દોષ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા બાદ આખરે ઊંઘતું ઝડપાયેલું ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. રાજ્યના DGP જી.એસ. મલિકે સમગ્ર ગુજરાતમાં દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ અને સંગ્રહ સ્થળો પર સઘન રેડ પાડવા માટે રાજ્યવ્યાપી ખાસ પોલીસ ડ્રાઈવનો આદેશ આપ્યો છે. પરંતુ, પ્રજા હવે પૂછી રહી છે કે દર વખતે નિર્દોષોના જીવ જાય, ઘરોમાં ચિતાઓ સળગે અને સિંદૂર ભૂંસાય, ત્યારે જ પોલીસ કેમ જાગે છે? શું ગુજરાતમાં કાયદો માત્ર લાશોના ઢગલા થયા પછી જ હરકતમાં આવશે?

## લાશોના ઢગલા પછી જ કેમ જાગે છે ખાખી? નાટકરૂપી 'ડ્રાઈવ'નો પર્દાફાશ

ગુજરાતમાં જ્યારે પણ કોઈ મોટો લથાકાંડ કે નકલી દારૂનો કાંડ સર્જાય છે, ત્યારે પોલીસ પ્રોટોકોલ મુજબ તરત જ 'રાજ્યવ્યાપી ડ્રાઈવ' શરૂ કરી દેવામાં આવે છે. પરંતુ આ ડ્રાઈવ એ માત્ર જનતાનો આક્રોશ શાંત કરવાનું, મીડિયા સામે હેડલાઈન્સ બનાવવાનું અને વાહવાહી મેળવવાનું એક ઘડેલું નાટક માત્ર બનીને રહી ગયું છે.




મોતનો આંકડો વધ્યા પછી જ કારવાઈ: અસંખ્ય લોકો પોતાના સ્વજનો ગુમાવે, બાળકો અનાથ બને અને હોસ્પિટલો દર્દીઓની ચીસોથી ભરાઈ જાય, ત્યારબાદ જ ઉચ્ચ અધિકારીઓ એસી ઓફિસોમાંથી બહાર નીકળીને પ્રેસ કોન્ફરન્સ કરે છે અને 'કડક કાર્યવાહી'ના મોટા-મોટા બુલંદ દાવાઓ ફેંકે છે.

હપ્તા રાજ અને સેટ-સેટિંગનો કાળો ખેલ: ગુજરાતના ખૂણે-ખૂણામાં ક્યાં દારૂના અડ્ડા ચાલે છે, કયા ગોડાઉનમાં કેમિકલથી નકલી દારૂ બનાવાય છે અને કયા માર્ગેથી નશો ઘૂસે છે, તેની એક-એક ઈંચની ખબર સ્થાનિક બીટ જમાદારથી લઈને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સુધી સૌને હોય છે. છતાં દર મહિને કરોડો રૂપિયાના ખાખી અને ખાદીના કવર (હપ્તા) પહોંચી જતા હોવાથી આ ઝેરી કારોબાર પોલીસની છત્રછાયા હેઠળ બિન્દાસ્ત ધમધમે છે.

નાના બુટલેગરોની ધરપકડ, કિંગપિન સુરક્ષિત: કાર્યવાહીના નામે પોલીસ માત્ર નાની-મોટી છૂટક કડીઓ કે મજૂરોને પકડીને આંકડાકીય માયાસાળ ઊભી કરે છે. જ્યારે આ કાળા કારોબારના મુખ્ય સૂત્રધારો, કેમિકલ સપ્લાયરો અને ડ્રગ્સ માફિયાઓ રાજકીય અને પોલીસ રક્ષણ હેઠળ મોજ કરતા રહે છે.

## પોલીસ અને સરકારની સીધી ભાગીદારી: જવાબદારી કોની?

જે દારૂમાં મિથેનોલ, કેમિકલ અને ઝેર ભેળવીને લોકોના ઘરમાં મોત પીરસવામાં આવે છે, તે કોઈ અકસ્માત નથી પણ સીધો નરસંહાર (માસ મર્ડર) છે. આ ઝેરી કારોબાર માટે માત્ર દારૂ વેચનાર જ નહીં, પરંતુ હપ્તા લઈને આ અડ્ડાઓને પ્રોત્સાહન આપનારા પોલીસ અધિકારીઓ અને રાજકીય આકાઓ પણ એટલા જ જવાબદાર છે. જ્યારે સુધી લાંચિયા પોલીસ અધિકારીઓ સામે 'ગુનાહિત કાવતરા' (Section 120B) હેઠળ કેસ નોંધીને તેમને જેલના સળિયા પાછળ નહીં ધકેલાય, ત્યાં સુધી આ ખૂની ખેલ ક્યારેય બંધ નહીં થાય.

## જનતાનો ઉકળતો આક્રોશ: નકલી દારૂ વેચનારાઓને કેમ ન આપવી સીધી ફાંસી?

ગુજરાતની જનતાનો રોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. લોકો ઉગ્ર માંગ કરી રહ્યા છે કે પૈસાની લાલચમાં નિર્દોષોના દૂધ પીતા બાળકોને અનાથ કરનારા અને ઝેર વેચનારા બુટલેગરોને માત્ર જેલ ભેગા કરવાને બદલે સીધી ફાંસીની સજા આપવી જોઈએ.

જો રાજ્ય સરકાર અને ગૃહ વિભાગ ખરેખર ગુજરાતમાંથી નશાનું દૂષણ નાબૂદ કરવા માગતા હોય, તો આ ઔપચારિક ડ્રાઈવોના નાટક બંધ કરવા પડશે. કાગળ પરની દારૂબંધીને વાસ્તવિકતામાં બદલવી પડશે. હપ્તાખોર અધિકારીઓ પર બુલડોઝર ફેરવવું પડશે અને દારૂના નામે ખિસ્સા ભરતી પોલીસ સિસ્ટમ પર કડક આકરા પ્રહારો કરવા પડશે. જો હપ્તા રાજ બંધ નહીં થાય, તો આવી ડ્રાઈવો માત્ર ધૂળ ધોયા જેવી રહેશે અને નિર્દોષોની બલી ચડતી જ રહેશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગુજરાતમાં કાગળ પરની નશાબંધી વચ્ચે ડ્રગ્સનો વધતો કાળો કારોબાર

## દાયકાઓથી લાગુ નશાબંધીનો કાયદો માત્ર કાગળ પર

મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની પવિત્ર ભૂમિ ગુજરાતમાં દાયકાઓથી દારૂબંધી અને નશાબંધીનો કાયદો અમલમાં છે. રાજ્ય સરકાર દ્વારા કાયદાનું કડક પાલન કરાવવાના મોટા મોટા દાવાઓ અવારનવાર કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજ્યની દરિયાઈ સીમાઓ અને રોડ માર્ગો પરથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ સતત ઘુસાડવામાં આવી રહ્યું છે. પરિણામે, ગુજરાત હવે ડ્રગ્સ માફિયાઓ માટે એક સેફ લેન્ડિંગ ઝોન બની રહ્યું હોવાના ગંભીર આરોપો સામે આવી રહ્યા છે.

## આંકડાઓમાં સામે આવ્યો ડ્રગ્સનો મોટો જથ્થો

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા 3 વર્ષમાં ગુજરાતમાંથી 65,549 કિલો ડ્રગ્સ, 45,564 નશીલી ટેબ્લેટ્સ અને 4,841 લિટર પ્રવાહી ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત છેલ્લા 2 વર્ષ દરમિયાન 121 કિલો હાઈ-ક્વોલિટી કોકેઈન પણ પકડાયું છે. આ ચોંકાવનારા આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે રાજ્યમાં નશાનો આ કાળો કારોબાર કયા ભયાનક સ્તરે પહોંચી ચૂક્યો છે.

## કાયદાકીય કાર્યવાહી સામે મોટા પ્રશ્નાર્થો

આટલા મોટા પ્રમાણમાં નશીલા પદાર્થોનો જથ્થો પકડાવા છતાં ગુનેગારોને સજા અપાવવાની પ્રક્રિયા સામે મોટા પ્રશ્નો ઊભા થયા છે. પોલીસ ચોપડે છેલ્લા 3 વર્ષમાં ડ્રગ્સ સંબંધિત કુલ 1649 કેસો નોંધાયા છે. જોકે, હજારો કિલો ડ્રગ્સ અને કરોડો રૂપિયાનો નશો પકડાયા બાદ પણ કોર્ટમાં માત્ર ગણતરીના જ આરોપીઓ દોષિત ઠરી શક્યા છે.

તપાસ એજન્સીઓની કામગીરી અને કાયદાકીય છટકબારીઓ

પોલીસ અને અન્ય તપાસ એજન્સીઓ મોટો જથ્થો ઝડપીને વાહવાહી મેળવે છે, પરંતુ જ્યારે કોર્ટમાં કડક સજા અપાવવાની વાત આવે છે ત્યારે કાયદાકીય કારવાઈ નબળી સાબિત થતી જોવા મળે છે. યોગ્ય પુરાવાઓના અભાવે અને કાયદાકીય છટકબારીઓનો લાભ લઈને ડ્રગ્સ નેટવર્કના મુખ્ય સૂત્રધારો છૂટી જાય છે, જે સમગ્ર સરકારી તંત્ર અને તપાસ એજન્સીઓની કાર્યશૈલી સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

# અન્ન કે ઝેર? બહારનું હોય કે ઘરનું... ગંદુ અને નકલી ખાવાથી મોત થાય એ દેશ માટે સૌથી મોટી શરમ!

## ભૂખમરા સામે ઝઝૂમતો દેશ હવે અખાદ્ય અને ભેળસેળિયા ખોરાકના કારણે મૃત્યુની કગાર પર!

જે દેશમાં કરોડો લોકો આજે પણ બે ટંક રોટલા માટે ઝઝૂમી રહ્યા છે, તે દેશમાં પેટ ભરવા માટે ખાવામાં આવતું અન્ન જ જો માણસનો જીવ લેવા માંડે તો એનાથી મોટી કરુણતા અને શરમ બીજી કઈ હોઈ શકે? હોટેલ-રેસ્ટોરન્ટનું બહારનું જમવાનું હોય કે પછી ઘરમાં વપરાતો મસાલો, તેલ કે દૂધ... દરેક જગ્યાએ નકલી, ગંદુ અને ઝેરી મટીરિયલ પીરસાઈ રહ્યું છે. ખાવાના નામે જનતાના પેટમાં ધીમું ઝેર ધકેલીને વેપારીઓ પોતાની તિજોરીઓ ભરી રહ્યા છે અને જવાબદાર તંત્ર આંખ આડા કાન કરીને તમાશો જોઈ રહ્યું છે.

## દૂધ-તેલથી લઈને મસાલા સુધી: દરેક કોળિયામાં કેમિકલનું ઝેર

બજારમાં મળતી લગભગ દરેક ખાદ્યચીજમાં ભયાનક ભેળસેળનો ખેલ ચાલી રહ્યો છે. દૂધમાં યુરિયા અને ડિટર્જન્ટ, મસાલામાં ઝેરી રંગો અને ઈંટોનો પાવડર, તો શાકભાજીને ચમકાવવા માટે કેમિકલયુક્ત કલરનો વપરાશ થઈ રહ્યો છે. બીજી તરફ, બહારની હોટેલો અને સ્ટ્રીટ ફૂડમાં સડેલું શાકભાજી, એક્સપાયરી ડેટ વાળો માલ અને વાસી ખોરાક ગ્રાહકોને પધરાવી દેવાય છે. સ્વચ્છતાના નામે મીંડું ધરાવતી જગ્યાઓ પર બનતું આ ભોજન સીધું હોસ્પિટલ ભેગા કરી રહ્યું છે.

## ફૂડ સેફ્ટી વિભાગની નિષ્ક્રિયતા અને હપ્તાખોરીનો ખેલ

નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા માટે બનેલો 'ફૂડ અને ડ્રગ્સ વિભાગ' માત્ર તહેવારો ટાણે સેમ્પલ લેવાના નાટક પૂરતો સીમિત રહી ગયો છે. કાગળ પર મોટી મોટી રેડ બતાવીને બાદમાં સેટિંગ કરી લેવાની નીતિને કારણે ભેળસેળિયા વેપારીઓને કોઈનો ખોફ રહ્યો નથી. કડક કાર્યવાહી અને આજીવન કેદ જેવી સજાના અભાવે જનતાના જીવ સાથે ખુલ્લેઆમ રમત રમાઈ રહી છે.

## જનતા જાગે નહીં તો થાળીમાં પીરસાતું રહેશે મોત!

જો દેશનો નાગરિક પોતાના પરસેવાની કમાણી ખર્ચીને પણ શુદ્ધ ખોરાક મેળવી શકતો ન હોય, તો આખી સિસ્ટમ પર સવાલ ઊભા થાય છે. તંત્રની આ ગુનાહિત બેદરકારી અને વેપારીઓની લાલચે દેશને મૃત્યુના મોંમાં ધકેલી દીધો છે. હવે સમય આવી ગયો છે કે નકલી અને અખાદ્ય સામગ્રી વેચનારાઓ સામે માનવવધનો ગુનો નોંધીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે, નહીં તો દરેક ઘરની થાળીમાં રોટલી નહીં પણ ઝેર પીરસાતું રહેશે.

# વૃદ્ધાશ્રમો કેમ વધતાં જાય છે?

આજની યુવા પેઢી હવે તુંડમિજાજી, આઝાદ અને સ્વચ્છંદી બની ગઈ છે. તેઓ પોતાની જિંદગી અલગ રીતે જીવવા માંગે છે. આજની પેઢીને માવતર આંખમાં કણાની જેમ ખૂંચે છે. માવતર ઘરે હોય તો એમને એમની સ્વતંત્રતા અને આઝાદી છીનવાઈ જતી હોય એવું લાગે છે. હવેની પેઢીને સવારે મોડું ઊઠવુ ને રાતે મોડા સુધી જાગવું અને ઘરે જમવાની માથાકૂટમાં પડ્યા વગર બહારનું ફાસ્ટ ફૂડ જમી લેવું અને મોબાઈલની દુનિયામાં રચ્યાપચ્યા રહેવું ગમે છે. પોતાના માવતર ઘરે હોય તો છોકરાઓ તથા પુત્રવધૂઓ મનમાની કરી શકતાં નથી, કારણકે વડીલો દરેક બાબતમાં સંતાનોને ટોકે છે. આ ઉપરાંત હવે પતિ પત્ની બંને નાની મોટી નોકરી કરતાં હોય છે એથી માવતરનો પૂરેપૂરો ખ્યાલ રાખી શકતાં નથી. બીજુ સંતાનોને માવતર પ્રત્યેની લાગણી પણ ધીમેધીમે ઓછી થવા લાગી છે. અગાઉના વખતમાં એક માવતર પોતાનાં છથી આઠ દીકરા દીકરીઓનો સારી રીતે ઉછેર કરતાં હતાં, જ્યારે અત્યારે ચાર દીકરાઓ પણ એક માવતરને સારી રીતે સાચવી શકતાં નથી અને માવતરને રાખવાનાં વારા નક્કી કરે છે અથવા તો વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. એ તો ઠીક જ્યારે પોતાની માતા કે પિતા વૃદ્ધાશ્રમમાં અંતિમ શ્વાસ લે છે ત્યારે એમનો મૃતદેહ પણ લેવાં આવતાં નથી કે અંતિમ ક્રિયામાં પણ હાજરી આપતાં નથી. આ કળિયુગની વાસ્તવિકતા છે. માટે આજના બદલાયેલાં સમાજમાં ઘરડાં ઘરો તથા વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે.

**- યોગેશભાઈ આર જોશી**

# નવ મહિના પછી ઈમરાન ખાન બહેન અને પત્નીને મળ્યા

## સુપ્રીમ કોર્ટના આદેશ બાદ અડિયાલા જેલ પહોંચ્યા; પૂર્વ PMને હોસ્પિટલ ખસેડવામાં આવશે

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને તેમની બહેન નોરીન નિયાઝી અને પત્ની બુશરા બીબીએ અડિયાલા જેલમાં મળ્યા. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ મુલાકાત થઈ. નોરીન 9 મહિના પછી ઈમરાનને મળ્યા. લગભગ 15 મિનિટની મુલાકાતમાં નોરીને ઈમરાનના સ્વાસ્થ્ય વિશે પૂછ્યું. તેમણે તેમને સુપ્રીમ કોર્ટના તે આદેશની જાણકારી પણ આપી, જેમાં ઈમરાનને સારવાર માટે શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ મોકલવાનું કહેવામાં આવ્યું છે. ઈમરાન અને પત્ની બુશરા બીબીની મુલાકાત લગભગ 30 થી 35 મિનિટ ચાલી. મુલાકાત પછી નોરીને ઈમરાનને મળવાની પુષ્ટિ કરી, પરંતુ કોર્ટના નિર્દેશ મુજબ મીડિયા સાથે વાત કરી નહીં. નોરીન તેની બહેનો અલીમા ખાન અને ઉઝમા ખાન સાથે અડિયાલા જેલના રસ્તે ડહગલ ચેકપોઈન્ટ પર પહોંચી હતી. પોલીસે ત્રણેયને રોક્યા. બાદમાં માત્ર નોરીનને ઈમરાનને મળવા માટે જેલમાં જવા દીધા. લગભગ 15 મિનિટની મુલાકાત બાદ નોરીને ઈમરાનને મળ્યા હોવાની પુષ્ટિ કરી. જોકે, કોર્ટમાં આપેલા ભરોસા મુજબ તેમણે મીડિયા સાથે કોઈ વાત કરી ન હતી. સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈમરાનના પરિવારને દર અઠવાડિયે મળાવવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે પરિવારને મળવું એ કોઈ અહેસાન નથી, પરંતુ મૂળભૂત અધિકાર છે. અદાલતે છેલ્લા 3 વર્ષમાં ઈમરાન અને તેમની બહેનો વચ્ચે થયેલી મુલાકાતોનો રેકોર્ડ પણ માંગ્યો છે. તેમના પુત્રો સાથે થયેલી વાતચીત અને ફોન કોલની માહિતી આપવા પણ કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે ઈમરાનને સારવાર અને મેડિકલ તપાસ માટે શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ મોકલવાનો આદેશ પણ આપ્યો છે. કોર્ટે તેમની સારવાર માટે મેડિકલ બોર્ડ બનાવવાનું કહ્યું છે, જેમાં તેમના અંગત ડોક્ટર અને બહેન ડો. ઉઝમા ખાનને સામેલ કરવામાં આવશે. અડિયાલા જેલના મેડિકલ રિપોર્ટમાં ઈમરાનના બ્લડ પ્રેશર અને તણાવ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. શહબાઝ સરકાર ઈમરાન ખાનને હોસ્પિટલ મોકલવાના આદેશ વિરુદ્ધ રિવ્યુ પિટિશન દાખલ કરશે. પાકિસ્તાનના કાયદા મંત્રી આઝમ નઝીર તરારે મીડિયાને જણાવ્યું કે સરકારે કોર્ટના આદેશની સમીક્ષા કરી છે. સરકારનું માનવું છે કે આદેશના કેટલાક ભાગો વર્તમાન કાયદા મુજબ નથી. તરારે કહ્યું કે પાકિસ્તાનની જેલોમાં ઘણા કેદીઓ ગંભીર બીમારીઓથી પીડાઈ રહ્યા છે. જો ઈમરાનને જેલની બહાર એક ખાસ હોસ્પિટલમાં સારવારની સુવિધા આપવામાં આવે છે, તો સવાલ એ છે કે શું આ જ નિયમ અન્ય કેદીઓ પર પણ લાગુ પડશે? સરકારનું કહેવું છે કે સામાન્ય રીતે કેદીઓની સારવાર સરકારી હોસ્પિટલો અને નિર્ધારિત સરકારી વ્યવસ્થા હેઠળ થાય છે.



# જૂની સાંકળીના ખેડૂતોનો પીજીવીસીએલ કચેરીએ હલ્લાબોલ, 8 કલાક પૂરતી વીજળી આપવાની ઉગ્ર માંગ

જેતપુર, સુરેશ ભાલીયા

એક તરફ વરસાદ ખેંચાઈ જતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે, ત્યારે બીજી તરફ પૂરતી વીજળી ન મળતાં જેતપુર પંથકના ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. સરકાર દ્વારા ખેડૂતોને ખેતી માટે ૮ કલાક વીજળી આપવાનો દાવો કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત અલગ હોવાનો આક્ષેપ જૂની સાંકળી ગામના ખેડૂતોએ કર્યો છે. પૂરતો વીજ પુરવઠો ન મળતા પાકને સમયસર પિયત આપી શકાતું નથી અને મહામહેનતે વાવેલો પાક સુકાઈ જવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે. જૂની સાંકળી ગામ સહિત આસપાસના વિસ્તારોમાં હાલ વરસાદની ખેંચ જોવા મળી રહી છે. શરૂઆતમાં થયેલા વરસાદ બાદ ખેડૂતોએ આશા સાથે મગફળી સહિતના વિવિધ પાકોનું વાવેતર કર્યું હતું. પરંતુ હવે વરસાદ ખેંચાતા પાકને બચાવવા માટે પિયતની






## ■ વરસાદ ખેંચાયો, વીજળીના ધાંધિયાથી પાક સુકાવાની ભીતિ

જરૂરિયાત ઊભી થઈ છે. આવા સમયે વીજ પુરવઠો નિયમિત અને પૂરતો ન મળતો હોવાના કારણે ખેડૂતોની મુશ્કેલી વધુ ગંભીર બની હોવાનું ખેડૂતોનું કહેવું છે. ખેડૂતોના જણાવ્યા મુજબ પંચનાથ ફીડરમાંથી જૂની સાંકળી, મંડલીકપુર અને પેઢલા ગામોને વીજળી આપવામાં આવે છે. પરંતુ આ ફીડર પર ખેડૂતોને સરકારના નિર્ધારિત સમય મુજબ ૮ કલાકનો પૂરતો વીજ પુરવઠો મળતો નથી. ખેડૂતોનો આક્ષેપ છે કે આખા દિવસ દરમિયાન કટકે-બટકે મળીને માંડ ૩થી ૫ કલાક જેટલો જ પાવર મળતો હોય છે. તેના કારણે મોટર ચલાવીને ખેતરમાં પિયત કરવી મુશ્કેલ બની રહી છે. ખેડૂતોનું કહેવું છે કે, જ્યારે પાકને સૌથી વધુ પાણીની જરૂર હોય છે ત્યારે વીજળીનો પુરવઠો અનિયમિત રહે છે. ક્યારેક ફીડરનો એક ભાગ ચાલુ હોય છે તો બીજો ભાગ બંધ રહે છે. પરિણામે છેવાડાના ખેડૂતો સુધી પૂરતો વીજ પુરવઠો પહોંચી શકતો નથી. ખેડૂતોનો એવો પણ આક્ષેપ છે કે વીજળીના કલાકો અંગે પૂછપરછ કરવામાં આવે ત્યારે ૮ કલાકનો પુરવઠો પૂર્ણ થઈ ગયો હોવાનું જણાવવામાં આવે છે, પરંતુ ખેડૂતોના ખેતરમાં વાસ્તવિક રીતે સતત અને ઉપયોગી વીજ પુરવઠો મળતો નથી. વીજળીની સમસ્યા અંગે ખેડૂતો દ્વારા અગાઉ પણ અનેક વખત મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે વારંવાર રજૂઆત કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી.

# તીર્થધામ ચાણોદ ખાતે શીતળા સાથે નર્મદા સ્નાન માટે શ્રદ્ધાળુઓનો ઘસારો

### સુપ્રસિદ્ધ મલ્હારરાવ ઘાટ ખાતે શીતળા માતાની પૂજા કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી

ચાણોદ, મુકેશ ખત્રી

ડભોઈ તાલુકાના તીર્થધામ ચાણોદ ખાતે આજે શીતળા સાતમ અનુલક્ષીને સ્નાન ઘાટ પર ભક્તોનો ધસારો જોવા મળી હતો હિંદુ ધર્મમાં શીતળા સાતમે ઠંડુ ખાવાનો મહિમા વર્ણવેલ છે ઘર નો ચૂલો ન સળગાવતા હોય છે પૂજા કરી ઢંડા રાખતિ હોય છે અનુસંધાન બહેનો રાંધણ છઠ ના દિવસે વડા પુરી દૂધ બાસુદીએ શ્રીખંડ વહીડા સહિદના વ્યંજનો બનાવી રાત્રે ચૂલાઓ રસોડાઓ પાણી થી ધોઈ ને ઠંડા કરી સ્વચ્છ કરી પૂજ્ય અર્ચન કરે છે દિવો કરે છે પછી બીજે દિવસે ગેસના ચૂલા સગડીઓ સળગાવતા નથી આ દિવસે એટલે કે શીતળા સાથે ના દિવસે બનાવેલ સ્વાદિષ્ટ વ્યંજનો ઠંડા ભોજન આરોગ્ય છે શીતળા સાતમે સવારે નદીએ નવા નર્મદા



નદીમાં સ્નાન કરવા ચાણોદ સહિત આસપાસથી ગ્રામજનો શ્રદ્ધાળુ ઊમટે છે.

નર્મદા સ્નાન કરી માતાની પૂજા કરે છે આજે સવારે સ્નાન ઘાટ પર શ્રદ્ધાળુઓ સ્નાન માટે ઉમટીયા હતા સ્નાન ઘાટ પર ભૂદેવ દ્વારા માટીના શીતળા માતાની મૂર્તિ બનાવી ભક્તોને ભૂદેવોએ વિધિ વિધાન સાથે પૂજન અર્ચન કર્યા હતા. આવી જ રીતે વેરાઈ માતા મંદિરે પણ બહેનો એ શીતળા માતાની પૂજા કરી હતી. શીતળા માતા ની વાર્તા સમૂહમાં બેસી વાંચી હતી તેનું મહત્વ સમજાવ્યું હતું શીતળા માતાની પરિવાર પર કૃપા રહે તેવી પ્રાર્થના કરી હતી.

### હિન્દુઓને સંગઠિત કરવા હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા આહવાન

# પીપલાણા સ્વામિનારાયણ મંદિરે ડો. પ્રવીણ તોગડિયા ગર્જ્યા

માણાવદર, જીજ્ઞેશ પટેલ

માણાવદર તાલુકાના પીપલાણા ગામે આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડિયાની ખાસ ઉપસ્થિતિમાં એક ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે હિંદુ સમાજને જાગૃત કરવા અને સંગઠિત કરવા માટે વિવિધ વિસ્તારોમાં હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન હિન્દુ સંસ્કૃતિ તથા સમાજ સામે



આવી રહેલા વર્તમાન પડકારો પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સમાજમાં ઘટતી જતી વસ્તી અંગે પણ ચિંતા વ્યક્ત કરીને સંગઠિત બની સંસ્કૃતિના જતન માટે એકજૂથ થવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. પોતાના સંબોધનમાં દૈનિક જીવનશૈલી અને સ્વાસ્થ્ય અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ નિરોગી અને સ્વસ્થ રહેવા માટે રોજ ઓછામાં ઓછું એક કલાક ચાલવું જોઈએ. જીવનમાં સદાય પ્રવૃત્તિશીલ રહેવું અને સ્વચ્છતા જાળવવી એ તંદુરસ્ત જીવન માટે અત્યંત જરૂરી છે. કાર્યક્રમના અંતે સ્વામિનારાયણ મંદિરના મહંત નીલકંઠ સ્વામી અને ડો. પ્રવીણ તોગડિયા દ્વારા સંયુક્તપણે ભગવાન સ્વામિનારાયણની ભવ્ય આરતી કરવામાં આવી હતી. આ અવસરે સારંગપીપળી ગામના સરપંચ કાંતિભાઈ મારુ દ્વારા ડો. પ્રવીણ તોગડિયાનું સાલ ઓઢાડીને વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

# રાણપુરના ખસ ગામની સીમમાં અળવના માર્ગે વાડીના શેઢા પાસે ધાતુના ખુલ્લા તારમાં વીજશોર્ટ લાગતા 2 યુવકોના મોત

### નાનીવાવડી ગામના બંને યુવકો ને વીજશોર્ટ લાગવાથી મોત થતા પરિવાર ઉપર આપ તૂટી પડ્યુ

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકામાં એક કમકમાટી ઘટના બની છે રાણપુર તાલુકાના ખસ ગામની સીમમાં અળવ ગામના માર્ગે વાડીના શેઢા પાસે ધાતુના ખુલ્લા તારમાં ઈલેક્ટ્રિક વીજશોર્ટ લાગતા રાણપુર તાલુકાના નાનીવાવડી ગામના 2 યુવકોના કમકમાટી ભર્યા મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે આ બંને યુવકો શોર્ટકટ રસ્તો અપનાવવા વાડીમાંથી પસાર થયા હતા ત્યારે વાડીના શેઢા પાસે મુકવામાં આવેલ ધાતુના ખુલ્લા તારમાં ઈલેક્ટ્રિક વીજશોર્ટ લાગતા બંને યુવકોના મોત નીપજ્યા હતા સમગ્ર ઘટનાની જાણ લોકોને થતા લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બંને મૃતકોને રાણપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.બનાવ અંગે મળતી વિગતો પ્રમાણે રાણપુર તાલુકાના ખસ ગામની સીમમાં અળવના માર્ગે આવેલ વાડીમાંથી શોર્ટકટ રસ્તેથી વિજયભાઈ નાજાભાઇ ચાવડા અને નાનજીભાઈ ધનજીભાઈ પીપળીયા નાનીવાવડી ગામના બંને યુવકો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન વાડીના શેઢા પાસે ખુલ્લા ધાતુના તારમાં ઈલેક્ટ્રિક વીજશોર્ટ લાગતા બંને યુવકોના મોત નિપજ્યા હતા.આ બનાવની જાણ લોકોને થતા લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બંને યુવકોને રાણપુર સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે બંને યુવકોને મૃત જાહેર કર્યા હતા જે સમગ્ર ઘટનાને લઈને બંને મૃતક યુવકો ના પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હતું. આ સમગ્ર ઘટનામાં રાણપુર પોલીસ મથકમાં સરદારભાઈ દોલુભાઈ મોરી વિરુદ્ધ મૃતક યુવકના પિતા નાજાભાઈ નાનુભાઈ ચાવડાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે જે ફરિયાદને આધારે રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ.પટેલ એ આગળની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે. આ વીજશોર્ટ ની ઘટનામાં જે 2 યુવકોના મોત નિપજ્યા છે તેમાં વિજયભાઈ નાજાભાઈ ચાવડા(ઉંમર વર્ષ-33)ને 2 નાના દીકરા છે એક દીકરો 6 વર્ષ નો એક દીકરો 4 વર્ષ નો છે.

# આઈસરમાં ચોરખાનું બનાવી રૂપિયા 30.58 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ઝોઝ પોલીસે દારૂની હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરતાં આઈસર વાહનમાં ચોરખાનું બનાવી લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ રૂ.30,58,784ના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય એક આરોપી ફરાર હોવાનું સામે આવ્યું છે.



પોલીસ અધિક્ષક, છોટાઉદેપુરની સૂચના અને છોટાઉદેપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.એચ. સૂર્યવંશીના સીધા માર્ગદર્શન હેઠળ ઝોઝ પોલીસ ઈન્સ્પેક્ટર જે.ડી. વસાવાને બાતમી મળી હતી કે, એક ઈસમ આઈસર વાહનમાં ચોરખાનું બનાવી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી કાનાવાટ ગામ તરફથી બરોજ-જામરણ થઈ દેવગઢ બારિયા તરફ જવાનો છે.

બાતમીના આધારે ઝોઝ પોલીસ સ્ટાફે ભીલપુર ફાટક નજીક રોડ પર વોચ ગોઠવી નાકાબંધી કરી હતી. દરમિયાન બાતમીવાળું આઈસર વાહન આવતા પોલીસે તેને રોક્યું હતું. આઈસરમાં સાઈડમાં બેઠેલો એક ઈસમ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો, જ્યારે આઈસરના ડ્રાઈવરને પોલીસે ઝડપી પાડ્યો હતો.

તપાસ દરમિયાન આઈસરના ચોરખાનામાંથી વિદેશી દારૂની કુલ 7,504 બોટલો, જેની કિંમત રૂ.24,08,784, તેમજ GJ-05-BX-1206 નંબરના આઈસર વાહન, જેની કિંમત રૂ.6,50,000 છે, મળી આવ્યું હતું. આમ પોલીસે કુલ રૂ.30,58,784નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ મામલે ઝોઝ પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર નં. 11184012260826/2026 હેઠળ પ્રોહિબિશન એક્ટની કલમ 65A, 65E, 116(B), 98(2), 81 અને 83 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

પકડાયેલ આરોપીની ઓળખ રમેશભાઈ છગનભાઈ કનેશ (ઉંમર 27), રહે. તલાવાડ, ઉકલા ફળિયા, પોસ્ટ કાના કાકડ, તા.જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ તરીકે થઈ છે.

જ્યારે રમેશભાઈ, જેનું પૂરું નામ હાલ જાણવા મળ્યું નથી, રહે. ઉદયગઢ, તા.જી. અલીરાજપુર, મધ્યપ્રદેશ,ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# વાવડી ગામે વૃદ્ધ દંપતી પર જીવલેણ હુમલો, મહિલાનું મોત

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

જેતપુર પાવી તાલુકાના વાવડી ગામે ખેતરમાં રહેતા વૃદ્ધ દંપતી પર રાત્રિના સમયે અજાણ્યા ઈસમોએ જીવલેણ હુમલો કરતાં ચકચાર મચી ગઈ છે. હુમલામાં વૃદ્ધ મહિલાનું મોત થયું છે, જ્યારે તેમના પતિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.



મળતી માહિતી મુજબ, વાવડી ગામે ખેતરમાં રહેતા વૃદ્ધ દંપતી મનચીબેન રાઠવા અને કાંગુભાઈ રાઠવા પર અજાણ્યા ઈસમોએ રાત્રિના સમયે હુમલો કર્યો હતો. હુમલામાં મનચીબેન રાઠવાનું મોત થયું હતું, જ્યારે કાંગુભાઈ રાઠવા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત કાંગુભાઈને 108 એમ્બ્યુલન્સ મારફતે બોડેલીની નીલકંઠ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક આશંકા મુજબ વૃદ્ધ મહિલાના ઘરેણાં કાઢી લેવાના ઈરાદે હુમલો કરવામાં આવ્યો હોવાની ચર્ચા છે. જોકે, હુમલાનું ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

ઘટનાની જાણ થતાં પાવીજેતપુર અને કરાલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને કબજામાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે તેમજ હુમલાખોરોની શોધખોળ શરૂ કરી સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વૃદ્ધ દંપતી પર થયેલા આ હુમલાની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભય અને ચકચારનો માહોલ જોવા મળી રહ્યો છે.

### પોરબંદર LCB પોલીસની મોટી કાર્યવાહી

# પાંચ માથાભારે અસામાજિક તત્વો સામે પાસા હેઠળ પગલાં લઈ જુદી જુદી જેલોમાં ધકેલાયા

ગોસા (ઘેડ), વિરમભાઇ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં વારંવાર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાતા માથાભારે અને અસામાજિક તત્વો સામે પોલીસ દ્વારા PASA હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોરબંદર જિલ્લા પોલીસની દરખાસ્તના આધારે જિલ્લા મેજિસ્ટ્રેટે PASA વોરંટ ઈશ્યુ કરતાં પાંચ શખ્સોની અટકાયત કરી તેમને અમદાવાદ, વડોદરા તથા સુરતની જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન અને સૂચના હેઠળ પોરબંદર જિલ્લામાં આવારા તથા અસામાજિક તત્વો વિરુદ્ધ PASA હેઠળ અટકાયતી પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક ઋતુ રાબાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી આગળ ધપાવવામાં આવી હતી. કિર્તીમંદિર તથા કમલાબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મારામારી, શરીર સંબંધિત ગુનાઓ તથા ધાકધમકી સહિતની ગંભીર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અજીમ યુનુસભાઈ કાદરી (ઉં.વ. ૩૩), ઈમ્તિsયાઝ હારૂન સીપાઈ (ઉં.વ. ૩૬), શકીલ યુનુસભાઈ કાદરી (ઉં.વ. ૨૮), સમીર યુનુસ કાદરી (ઉં.વ. ૩૧) તથા યુનુસ એહમદઅલી કાદરી (ઉં.વ. ૫૫)નો સમાવેશ થાય છે. પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચના મુજબ કિર્તીમંદિર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.વી. પરમારે PASA દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફતે પોરબંદર જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાંચેય શખ્સોને PASA હેઠળ અટકાયતમાં રાખવા માટે અમદાવાદ, વડોદરા તથા સુરત જેલના વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાની આગેવાની હેઠળ પોલીસ ટીમે PASA વોરંટની બજવણી કરી પાંચેય શખ્સોને કાયદેસરની કાર્યવાહી બાદ અમદાવાદ, વડોદરા તથા સુરતની જેલમાં મોકલી આપ્યા હતા.

# ઓરસંગ બ્રિજના ખાડા પુરાતા વાહનચાલકોને રાહત, કાયમી ઉકેલની માંગ કરવામાં આવી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

નજીકથી પસાર થતા અને ગુજરાતને મધ્યપ્રદેશ સાથે જોડતા મહત્વના NH-56 પર આવેલા ઓરસંગ નદીના બ્રિજ પર પડેલા ઊંડા ખાડાઓનું તાજેતરમાં સમારકામ કરવામાં આવતા વાહનચાલકોને હાલ પૂરતી રાહત મળી છે. બ્રિજ પર ખાડાઓને કારણે અકસ્માતનો ભય તેમજ વાહનોને નુકસાન થવાની શક્યતા વધી ગઈ હતી.

ચોમાસા દરમિયાન બ્રિજ પર પાણી ભરાઈ રહેતું હોવા છતાં પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાથી દર વર્ષે માર્ગની સપાટી ધોવાઈ જઈ ખાડાઓ પડવાની સમસ્યા સર્જાય છે. તાજેતરમાં કોન્ટ્રાક્ટર દ્વારા ખાડાઓનું પુરાણ કામ હાથ ધરવામાં આવતા આ માર્ગ પરથી



પસાર થતા હજારો વાહનચાલકોએ રાહત અનુભવી છે. જોકે, સ્થાનિકોના જણાવ્યા મુજબ ખાડા પુરવાનું કામ માત્ર કામચલાઉ રાહત છે. બ્રિજ પર પાણી ભરાવાની મૂળ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો જરૂરી છે. સ્થાનિકોએ બ્રિજની સાઈડમાં આવેલા ડ્રેનેજ પોઈન્ટને મોટા કરવાની તેમજ બ્રિજની સપાટીને યોગ્ય ઢાળ આપવાની માંગ કરી છે, જેથી વરસાદી પાણી ઝડપથી નિકળી જાય અને માર્ગની સપાટી વારંવાર ધોવાઈ ન જાય. બ્રિજની જર્જરીત સ્થિતિને ધ્યાનમાં રાખીને ૩૦ ટનથી વધુ વજન ધરાવતા ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ હોવા છતાં ઓવરલોડ વાહનો પસાર થતા હોવાના આક્ષેપો પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

આવા વાહનો સામે કડક કાર્યવાહી થાય અને બ્રિજની સુરક્ષા જળવાય તેવી પણ માંગ ઉઠી છે. સ્થાનિકોનું કહેવું છે કે તંત્ર દ્વારા માત્ર ખાડા પૂરવાને બદલે પાણીના નિકાલ સહિતની ટેકનિકલ ખામીઓ દૂર કરી કાયમી ધોરણે કામગીરી કરવામાં આવે તો દર ચોમાસામાં સર્જાતી સમસ્યામાંથી વાહનચાલકો અને સ્થાનિકોને કાયમી રાહત મળી શકે.

# હનીટ્રેપમાં 68 વર્ષીય સિનિયર સિટીઝનને ફસાવી રૂ.7 લાખ પડાવનાર આરોપી ઝડપાયો

સાધલી, હસમુખ પટેલ

વડોદરાના કમલેશ દવે (68 વર્ષ) ને ફેસબુક ઉપર પિંકી પટેલે ફ્રેન્ડ બનાવી સાગરીતો સાથે મળી રૂપિયા 7 લાખ પડાવેલ તેના ભાગેલ આરોપીને આઠ માસ પછી શિનોર પોલીસે સિધ્ધપુર મુકામેથી ઝડપી પાડેલ છે.

શિનોર પોલીસ સ્ટેશને તારીખ 9 ડિસેમ્બર 2025 ના રોજ ફરિયાદી કમલેશ દવે 68 વર્ષ દ્વારા ફરિયાદ લખાવેલ કે પિંકી પટેલ સાથે ફેસબુક મિત્રતા થયા પછી તારીખ 2 ડિસેમ્બર 2005 ના રોજ માલસર ફરવા ગયેલા અને પરત શિનોર




આવતા ગરનાડા પર બેઠા હતા, ત્યારે ચાર ઈસમોએ પોલીસની ઓળખ આપીને, આ બેન ડ્રગના ગુનામાં સંડોવાયેલ છે, તમે તેની સાથે હોય તમે પણ સામેલ આરોપી છે, એમ કહીને ફોર વીલ ગાડીમાં નાખી દીધા હતા અને નિકાલ કરવા માટે રૂપિયા 9 લાખ માંગતા તેની સામે 7,00,000 કમલેશ દવેએ આપ્યા હતા. સામાજિક બીક ના કારણે ફરિયાદ મોડી આપી હતી. જેની તપાસ દરમિયાન પોલીસ બનેલા આરોપીઓ પકડાઈ ગયા હતા અને ફરિયાદીને 7,00,000 પરત આપી દીધા હતા, મુખ્ય આરોપી પિન્કી પટેલ જે ખોટું નામ હતું, સાચુ નામ અંકિતા યજ્ઞેશ રાવલ ને તારીખ 9 જુલાઈ 2026 થી અટકાયત કરવામાં આવી હતી. તેને તારીખ 12 ઓગસ્ટ જામીન પર મુક્ત કરી હતી.

જ્યારે આ ગુનામાં સંડોવાયેલ રાકેશ કોદર પટેલ ભાગી ગયો હતો. તેની સામે નવ ગુના નોંધાયેલા છે. શિનોર પોલીસે ઉપલા અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આઠ માસથી નાસતા ફરતા આ આરોપી ને સિદ્ધપુર મુકામેથી ઝડપી પાડેલ છે. પી.આઈ.આર. આર વસાવા ના સીધા માર્ગદર્શન હેઠળ હે.કો રવિન્દ્રસિંહ ,હે.કો. રાજેન્દ્રસિંહ, પો.કો. આનંદભાઈ અને હે.કો.મહેશગીરી એ ટીમ બનાવી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



### સ્ક્રિનરાઈટર કનિકા ઢિલ્લોન સમગ્ર ફિલ્મને ડાયરેક્ટ કરવાના છે

# ફરહાન અખ્તરની ફિલ્મમાં પહેલીવાર જોવા મળશે સૈફ અલી ખાન અને કિયારા અડવાણી

મુંબઈ

હિન્દી અને તેલુગુ ફિલ્મમાં કામ કરી ચૂકેલી જાણીતી અભિનેત્રી અનન્યા રાજનું માત્ર 27 વર્ષની વયે નિધન થતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ‘7 અવર્સ ટુ ગો’, ‘ધ ફાઈનલ એક્ઝિટ’ અને ‘ઘોસ્ટ’ જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલી અનન્યાએ 15 જુલાઈની વહેલી સવારે ઊંઘમાં જ અંતિમ શ્વાસ લીધા હતા. જોકે, તેના પરિવાર દ્વારા એક મહિના બાદ સોશિયલ મીડિયા પોસ્ટ મારફતે તેમના નિધનની માહિતી જાહેર કરવામાં આવ્યા પછી સૌને આશ્ચર્ય થયું હતું. અનન્યાના પરિવારે તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ભાવુક પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે અભિનેત્રી છેલ્લા એક વર્ષથી વધુ સમયથી શારીરિક અને માનસિક તકલીફોનો સામનો કરી રહી હતી. પરિવારે જણાવ્યું હતું કે અનન્યાએ આ મુશ્કેલ સમયમાંથી બહાર આવવા માટે એક યોદ્ધાની જેમ સંઘર્ષ કર્યો હતો. જોકે, પરિવાર દ્વારા તેમની ચોક્કસ તકલીફ શું હતી અથવા તેમના નિધનનું ચોક્કસ કારણ શું હતું તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. પરિવારે પોસ્ટમાં જણાવ્યું હતું કે, અત્યંત દુઃખ સાથે અનન્યાના નિધનની જાણકારી આપી રહ્યા છીએ. 15 જુલાઈની વહેલી સવારે અનન્યાએ ઊંઘમાં જ શાંતિપૂર્વક અંતિમ શ્વાસ લીધા હતા. છેલ્લા એક વર્ષથી વધુ સમયથી તે શારીરિક અને માનસિક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી હતી અને તેમાંથી બહાર આવવા માટે તેણે સતત સંઘર્ષ કર્યો હતો. અનન્યાના નિધનની જાણકારી લગભગ એક મહિના બાદ સામે આવતા તેમના ચાહકો અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોને પણ આઘાત લાગ્યો છે. 27 વર્ષની નાની ઉંમરે અભિનેત્રીના અવસાનથી તેમના પરિવાર, મિત્રો અને ચાહકોમાં શોકની લાગણી છે.અનન્યા રાજે વર્ષ 2016માં ફિલ્મ ‘7 અવર્સ ટુ ગો’થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યાર બાદ વર્ષ 2017માં તેઓ ‘ધ ફાઈનલ એક્ઝિટ’માં જોવા મળી હતી. બાદમાં તેમણે ‘ઘોસ્ટ’ સહિતની ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. હિન્દી ફિલ્મો ઉપરાંત અનન્યાએ દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. તેણે તેલુગુ ફિલ્મમાં પણ અભિનય કર્યો હતો, જેમાં તેમની સામે અભિનેતા નવીન ચંદ્ર જોવા મળ્યા હતા.

**ફિલ્મની સ્ક્રિપ્ટ લઈને કામ ચાલી રહ્યું છે.આ કઈ ફિલ્મ છે અને શેના પર છે એ વિષય હજું કોઈ વિગત સામે આવી નથી**

# સુનીતાએ ગોવિંદા સાથે છૂટાછેડાનો કેસ પાછો ખેંચ્યો

## લગ્નજીવનમાં મતભેદ વચ્ચે દીકરા યશવર્ધન સાથે ફેમિલી કોર્ટ પહોંચી; મેનેજરે કન્ફર્મ કર્યું



મુંબઈ

ગોવિંદાની પત્ની સુનીતા આહુજા અને તેનો દીકરો યશવર્ધન બુધવારે મુંબઈમાં ફેમિલી કોર્ટમાંથી બહાર નીકળતા જોવા મળ્યા. બંનેની કોર્ટમાં હાજરીએ લોકોનું ધ્યાન ખેંચ્યું. વાતચીતમાં ગોવિંદાના મેનેજર શશિ રંજને કહ્યું કે, ’સુનીતા આહુજાએ ગોંવિદાની વિરુદ્ધ દાખલ કરેલી છૂટાછેડાની અરજી પાછી ખેંચી લીધી છે.’ શશિના મતે, હવે બધું ઠીક છે અને બંને વચ્ચે બધું સામાન્ય થવાની અપેક્ષા છે.’


તેમણે પાછલા 2 વર્ષના ઘટનાક્રમને લઈને કહ્યું કે, ’આ સમય સારો રહ્યો નથી.’ દીકરો યશવર્ધન માતાની ઢાલ બન્યો કોર્ટની બહારનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં પાપારાઝીએ સુનીતા અને તેના દીકરાને પ્રશ્ન કર્યો કે, ’કોર્ટમાં શું થયું?’ જેના પર દીકરા યશવર્ધન આહુજાએ કહ્યું, ’કંઈ થયું નથી. જવા દો.’ યશ પોતાની માતાને કેમેરાથી બચાવતો કાર સુધી લઈ ગયો. તે જ સમયે, કારમાં બેસતા પહેલા સુનીતાએ ગુસ્સે થઈને કહ્યું, ’બર્થડે મનાવવા ગયા હતા.’ આ પછી તે કારમાં બેસીને ચાલ્યા ગયા. નોંધનીય છે કે, સુનીતા આહુજાએ ડિસેમ્બર 2024માં ગોવિંદા વિરુદ્ધ બાંદ્રા ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી દાખલ કરી હતી. જ્યારે, આ સમાચાર ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં સામે આવ્યા હતા, જ્યારે હોટરફ્લાઈએ તેના રિપોર્ટમાં કહ્યું હતું કે, સુનીતાએ હિંદુ મેરેજ એક્ટ 1955ની કલમ 13 (1) (i), (ia), (ib) હેઠળ છૂટાછેડા માટે અરજી કરી છે. અરજીમાં તેણે ગોવિંદા પર ક્રૂરતા, બેવફાઈ અને ત્યાગ જેવા ગંભીર આરોપો લગાવ્યા છે. તાજેતરમાં ગોવિંદા તેની આગામી કમબેક ફિલ્મ ’રૂપા’ની કો-એક્ટ્રેસ કોમલ રાણી સ્વર્ણકાર સાથે અવારનવાર જોવા મળી રહ્યો છે.

# ઇમરાન હાશમીના કરિયરની સૌથી મોટી હિટ ફિલ્મ બની ‘આવારાપન 2’

## ‘આવારાપન 2’ ફિલ્મની કુલ કમાણીની વાત કરવામાં આવે તો, માત્ર પાંચ જ દિવસમાં 100.75 કરોડ રૂપિયાનો વેપાર કરી લીધો છે

મુંબઈ

મુંબઈઃ ઈમરાન હાશ્મીની ફિલ્મ ‘આવારાપન 2’ને બોક્સ ઓફિસ પર રિલીઝ થયાને પાંચ દિવસ થઈ ગયાં છે. આ ફિલ્મ અત્યારે ધૂમ કમાણી કરી રહી છે. બોક્સ ઓફિસ પર રૂપિયા છાપવામાં આ ફિલ્મ રેકોર્ડ બ્રેક સ્પીડે આગળ વધી રહી છે. માત્ર પાંચ દિવસની કમાણીમાં આ ફિલ્મે મેકર્સને માલામાલ કરી નાખ્યાં છે. આ ફિલ્મનું લોકો સોશિયલ મીડિયામાં પણ ખૂબ જ સારૂ પ્રદર્શન કરી રહ્યાં છે. ઈમરાન હાશ્મીએ પોતાના અભિનયથી લોકોને આકર્ષિત કર્યાં છે. ચાલો કમાણીના આંકડાની વિગતે વાત કરીએ... રિપોર્ટ્સ પ્રમાણે ‘આવારાપન 2’ ફિલ્મે રિલીઝ થયાના પાંચમાં દિવસે કમાણીમાં ધૂમ મચાવી રહી છે. પાંચમા દિવસે બોક્સ ઓફિસ પર આ ફિલ્મે રૂપિયા 9.75 કરોડનો વેપાર કર્યો છે. આ ફિલ્મે ચોથા દિવસે બોક્સ ઓફિસ પરથી રૂપિયા 9.25 કરોડનું કલેક્શન કર્યું હતું. ચોથા દિવસની કમાણી કરતાં પાંચમાં દિવસની કમાણીમાં ઉછાળો જોવા મળ્યો હતો. આવતા વીક એન્ડ પર પણ આ ફિલ્મની કમાણી સારી એવી રહેશે તેવું લાગી રહ્યું છે. ‘આવારાપન 2’ ફિલ્મની કુલ કમાણીની વાત કરવામાં આવે તો, માત્ર પાંચ જ દિવસમાં 100.75 કરોડ રૂપિયાનો વેપાર કરી લીધો છે. જેમાં ભારતીય ગ્રોસ કલેક્શની વાત કરવામાં આવે તો, આંકડો રૂપિયા 120.33 કરોડને પાર પહોંચી ગયો છે. આ સાથે ‘આવારાપન 2’ ફિલ્મે વર્લ્ડવાઈડ કમાણીમાં 144.13 કરોડ રૂપિયાનો વેપાર કરી લીધો છે. મહત્વની વાત એ છે કે, ફિલ્મ ‘આવારાપન 2’ ઈમરાન હાશ્મીના કરિયરની સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. ‘આવારાપન 2’ હજી પણ બંપર કમાણી કરશે તેવું ચાહકો જણાવી રહ્યાં છે. થિયેટરમાં લોકો આ ફિલ્મ જોઈને ભાવુક થઈ રહ્યાં છે. ઈમરાન હાશ્મીના દમદાર અભિયનના કારણે આ ફિલ્મ લોકોને વધારે આકર્ષિત કરી રહી છે.






# 53 વર્ષના અનુરાગ કશ્યપ 20 વર્ષ નાની શુભ્રા શેટ્ટીના પ્રેમમાં પડ્યા

## અનુરાગ સાથે પ્રેમ કેવી રીતે થયો તે અંગે શુભ્રાએ કહ્યું કે આ સમય ‘બોમ્બે વેલ્વેટ’ની રિલીઝ પહેલાં અને ફિલ્મના શૂટિંગ બાદનો હતો

મુંબઈ


બૉલીવુડના 53 વર્ષીય ફિલ્મ નિર્દેશક અનુરાગ કશ્યપ પોતાની પર્સનલ લાઈફને લઈને ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. અનુરાગ પોતાના કરતાં લગભગ 20 વર્ષ નાની શુભ્રા શેટ્ટીને ડેટ કરી રહ્યા છે. બંને લાંબા સમયથી બેંગલુરુ સ્થિત ઘરમાં લિવ ઈન રિલેશનશીપમાં સાથે રહેતા હોવાની પણ માહિતી મળી છે. એક યુટ્યુબ ચેનલ પર બંનેએ પોતાના સંબંધ વિશે ખુલ્લેઆમ વાત કરી અને તેમના પ્રેમ, ઉંમરના અંતર તથા પરિવારની પ્રતિક્રિયા અંગે અનેક ખુલાસા કર્યા. શુભ્રા શેટ્ટી અગાઉ અનુરાગ કશ્યપની પ્રોડક્શન કંપની ફેન્ટમ ફિલ્મ્સમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કરી ચૂકી છે. બંનેની પ્રથમ તસવીર 2015માં સામે આવી હતી, જ્યારે 2018ના એક ઈન્ટરવ્યૂમાં અનુરાગે પહેલીવાર તેમના સંબંધને સ્વીકાર્યો હતો. શુભ્રાએ જણાવ્યું કે અનુરાગ સાથે તેમની મુલાકાત કામ દરમિયાન થઈ હતી અને સમય જતાં બંને વચ્ચે સારી મિત્રતા અને બોન્ડિંગ વિકસ્યું હતું. શુભ્રાએ અનુરાગ સાથેની પહેલી ડેટનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે તેઓ પોતાના સંબંધને મીડિયાથી દૂર રાખવાનો પ્રયાસ કરતા હતા. જોકે, તેનો અર્થ એ નહોતો કે બંને એકસાથે બહાર જતા નહોતા. એક વખત બંને ડેટ પર ગયા હતા ત્યારે એક પત્રકારે તેમને સાથે જોઈ લીધા હતા અને ત્યારબાદ તેમના સંબંધની વાત જાહેર થઈ ગઈ હતી. શુભ્રાએ એ પણ જણાવ્યું કે અનુરાગ તેમના માતા-પિતાને મળી ચૂક્યા છે અને તેમના પરિવાર તરફથી આ સંબંધને સ્વીકારવામાં આવ્યો હતો. માતા-પિતાની પ્રતિક્રિયા વિશે પૂછવામાં આવતા શુભ્રાએ મજાકિયા અંદાજમાં કહ્યું કે તેમની માતા અનુરાગને ‘બકરો’ કહે છે. તેમની માતાનું માનવું છે કે અનુરાગ તેમની સાથે રહેવા માટે જાણે ‘જોરૂના ગુલામ’ પતિ બની ગયા છે. શુભ્રાએ કહ્યું કે તેમના માતા-પિતાએ સંબંધને લઈને કોઈ દબાણ કર્યું નહોતું અને તેમણે પણ તેમને મનાવવાની કોશિશ કરી નહોતી.

# કંગના રનૌતે મુંબઈમાં સિદ્ધિ વિનાયક અને મુંબા દેવીના કર્યાં દર્શન, જુઓ ટ્રેડિશનલ અવતાર

મુંબઈ

અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત હાલમાં મુંબઈમાં છે. આજે અચાનક કંગના રનૌત મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિર ખાતે બાપ્પાના દર્શન કરવા પહોંચ્યાં હતાં. અહીં પૂજા-અર્ચના કર્યા બાદ કંગનાએ મુંબઈની આરાધ્ય દેવી મુંબા દેવીના પણ દર્શન કર્યા અને આશીર્વાદ લીધા હતા. કંગના રનૌત પોતાના અભિનયની સાથે સાથે પોતાના વિવાદિત નિવેદનોને કારણે પણ સતત ચર્ચામાં રહે છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા મુદ્દાઓ ઉપરાંત તે સામાજિક અને રાજકીય બાબતો પર પણ ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કરે છે. જોકે, આ વખતે કંગના ધાર્મિક યાત્રાને લઈને ચર્ચામાં છે.

કંગના રનૌતે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર સિદ્ધિવિનાયક મંદિર અને મુંબા દેવી મંદિરના દર્શનની કેટલીક તસવીરો શેર કરી હતી. તસવીરોમાં તે બંને મંદિરોમાં પૂજા-અર્ચના કરતી અને ભગવાનના આશીર્વાદ લેતી જોવા મળે છે. તસવીરો શેર કરતી વખતે કંગનાએ લખ્યું હતું, ‘આજે મુંબઈના રાજા શ્રી સિદ્ધિવિનાયક જી અને મુંબઈની માતા શ્રી મુંબા દેવીના દર્શન કર્યા.‘ કંગનાની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી છે અને તેના ચાહકો તેની સાદગીભરી ધાર્મિક તસવીરોને પસંદ કરી રહ્યા છે. મંદિર દર્શન દરમિયાન કંગના રનૌત ખૂબ જ સુંદર પરંપરાગત લુકમાં જોવા મળી હતી. તેમણે ગોલ્ડન રંગની કાંજીવરમ સાડી પહેરી હતી. વાળમાં ગજરો અને કાનમાં હેવી ઈયરરિંગ્સ સાથે તેમણે પોતાનો લુક પૂર્ણ કર્યો હતો. કંગનાનો આ પરંપરાગત અવતાર તેમની તસવીરોમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. મંદિરમાં પહોંચ્યા બાદ તેમણે શ્રદ્ધાપૂર્વક બાપ્પાના દર્શન કર્યા અને ત્યારબાદ મુંબા દેવીના પણ આશીર્વાદ લીધા. કંગના રનૌતના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે આગામી સમયમાં ’ક્વીન 2’માં જોવા મળશે.



## સ્પોર્ટ્સ

પાક્કો ગુજરાત
ગુરુવાર | 20 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### દેવદત્ત પડિકલની સેન્ચુરી; માનવ સુથારે ટોટલ 10 વિકેટ લીધી

# ભારત 600મી ટેસ્ટ મેચમાં જીત્યું, શ્રીલંકાને 165 રનથી હરાવ્યું




મુંબઈ

રમત મંત્રાલયે મંગળવારે રાષ્ટ્રીય ખેલ પુરસ્કારોની જાહેરાત કરી છે. આ વર્ષે 17 ખેલાડીઓને અર્જુન એવોર્ડ માટે પસંદ કર્યા છે. તેમાં ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ, વિદિત ગુજરાતી, એથ્લીટ તેજસ્વિન શંકર અને બેડમિન્ટન ખેલાડી ગાયત્રી ગોપીચંદ અને તૃષા જોલી જેવા નામોનો સમાવેશ થાય છે.

મંત્રાલયે આ વખતે કોઈ ખેલાડીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ માટે પસંદ કર્યો નથી. આ 12 વર્ષમાં પહેલો પ્રસંગ છે જ્યારે ખેલ રત્ન એવોર્ડને લાયક કોઈ ખેલાડીને ગણવામાં આવ્યો નથી. આ પહેલા 2014માં આવું બન્યું હતું. ફૂટબોલના દિગ્ગજ આઈ. અરુમાયનાયગમને અર્જુન એવોર્ડની લાઈફટાઈમ કેટેગરીમાં પસંદ કર્યા છે. તેઓ 1962ના જકાર્તા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમના ભાગ હતા. દિવ્યાએ FIDE વુમન્સ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો ચેસમાં દિવ્યા દેશમુખ અને વિદિત ગુજરાતીને અર્જુન એવોર્ડ માટે પસંદ કર્યા છે. દિવ્યાએ 2025માં FIDE વુમન્સ વર્લ્ડ કપનો ખિતાબ જીતીને મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. તે ભારતની અગ્રણી મહિલા ચેસ ખેલાડીઓમાં સામેલ છે. બેડમિન્ટનમાં ગાયત્રી-ત્રિશાને સન્માન. બેડમિન્ટનમાં ગાયત્રી ગોપીચંદ અને ત્રિશા જોલીને અર્જુન એવોર્ડ માટે પસંદ કર્યા છે. બંને મહિલા ડબલ્સમાં ભારતની મુખ્ય ખેલાડીઓ રહી છે. એથ્લેટિક્સમાં તેજસ્વિન શંકરને અર્જુન એવોર્ડ આપવામાં આવશે. તે હાઈ જમ્પની સાથે ડેકાથ્લોનમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છે. કોમનવેલ્થ ગેમ્સમાં ડેકાથ્લોનમાં મેડલ જીતીને તેણે ઇતિહાસ રચ્યો હતો. ભારત સરકારે પ્રતિષ્ઠિત અર્જુન પુરસ્કાર માટે 17 ખેલાડીઓની પસંદગી કરી છે. નિવૃત્ત ન્યાયમૂર્તિ અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતામાં રમતગમત મંત્રાલયે આ જાહેરાત કરી. ચેસ વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ, વિદિત ગુજરાતી, તેજસ્વિન શંકર, ગાયત્રી ગોપીચંદ સહિતના ખેલાડીઓને રમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સન્માનિત કરાશે.

## પ્રજ્ઞાનંદાએ મેક્સિમ વાચિયર-લાગ્રેવને હરાવ્યો: વેસ્લી સોના સંયુક્ત ટોચ પર પહોંચ્યો

નવી દિલ્હી

ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદાએ સિંકફિલ્ડ કપના આઠમા રાઉન્ડમાં ફ્રાન્સના મેક્સિમ વાચિયર-લાગ્રેવ (MVL)ને હરાવ્યો. કાળા મહોરાંથી રમતા પ્રજ્ઞાનંદાએ 27 ચાલમાં મુકાબલો પોતાના નામે કર્યો. આ જીત બાદ તેના 5 પોઈન્ટ્સ થઈ ગયા છે અને તે અમેરિકાના વેસ્લી સો સાથે સંયુક્ત રીતે ટોચ પર પહોંચી ગયો છે.

વેસ્લી સો સાથે બરાબરી, એક રાઉન્ડ બાકી રાઉન્ડ-8 પછી પ્રજ્ઞાનંદા અને વેસ્લી સોના 5-5 પોઈન્ટ છે. બંને સંયુક્ત રીતે પ્રથમ સ્થાને છે. જાવોખિર સિંદારોવ 4.5 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે ફેબિયાનો કારુઆના અને MVLના 4-4 પોઈન્ટ છે. હવે ટુર્નામેન્ટમાં માત્ર એક રાઉન્ડ બાકી છે. પ્રજ્ઞાનંદા અને MVL વચ્ચેના મુકાબલાની શરૂઆત રુઈ લોપેઝ ઓપનિંગથી થઈ. પ્રજ્ઞાનંદાએ કાળા મહોરાંથી રમતા શરૂઆતના તબક્કામાં સ્થિતિને સંતુલિત રાખી. ત્યારબાદ તેને ધીમે ધીમે લીડ મળી અને 27મી ચાલ પછી MVLએ મુકાબલો છોડી દીધો. સિંકફિલ્ડ કપ ગ્રાન્ડ ચેસ ટૂરની રેગ્યુલર સીઝનની છેલ્લી ટુર્નામેન્ટ છે. આ પછી ટૂરના ટૉપ-4 ખેલાડીઓ ગ્રાન્ડ ફિનાલેમાં રમશે. 8 રાઉન્ડ પછી 5 પોઈન્ટ સાથે પ્રજ્ઞાનંદ ફાઈનલની રેસમાં મજબૂત સ્થિતિમાં પહોંચી ગયા છે.

### 30 હજાર ખેલાડીઓને ફાયદો, 60% કેન્દ્ર ખર્ચ કરશે

## ભારત સરકાર આગામી 5 વર્ષમાં રમતોમાં 36,441 કરોડ રૂપિયા ખર્ચ કરશે

સિડની

ભારત સરકાર આગામી 5 વર્ષમાં રમતોમાં 36,441 કરોડ રૂપિયા ખર્ચ કરશે. ભારતીય રમતગમત પ્રાધિકરણ (SAI) એ મંગળવારે જણાવ્યું કે ખેલો ઈન્ડિયા યોજના હેઠળ આ પૈસા 2026થી 2031 સુધી ખર્ચ કરવામાં આવશે. સરકારે બજેટ જાહેર કરવાની સાથે ઓલિમ્પિક માટે મેડલ ટાર્ગેટ પણ નક્કી કર્યા છે. સરકારનું લક્ષ્ય 2036 ઓલિમ્પિકની મેડલ લિસ્ટના ટૉપ-10 અને 2048 ઓલિમ્પિકમાં ટૉપ-5 દેશોમાં સ્થાન બનાવવાનું છે. ભારત 2036 ઓલિમ્પિકની યજમાની કરવા માગે છે, જ્યારે 2048 ઓલિમ્પિકમાં ભારતની આઝાદીના 100 વર્ષ પૂરા થઈ ચૂક્યા હશે. ભારતે પેરિસ ઓલિમ્પિક 2024માં માત્ર 6 મેડલ જીત્યા હતા. મેડલ ટેલીમાં ભારત 71મા સ્થાને હતું. 2036માં 12-14 ગોલ્ડ સહિત કુલ 30-35 મેડલ અને 2048માં 35-40 ગોલ્ડ સહિત કુલ 90-100 મેડલ જીતવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ હાંસલ કરવા માટે પ્રતિભાઓની ઓળખ, રમતગમતના માળખામાં સુધારા, કોચિંગની ગુણવત્તા વધારવા, રમત વિજ્ઞાન અને ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. SAI રિજનલ સેન્ટર મુંબઈના પ્રાદેશિક નિર્દેશક પાંડુરંગ ચાટેએ જણાવ્યું કે રિવેમ્પ્ડ ખેલો ઈન્ડિયા યોજનાનો હેતુ અલગ-અલગ યોજનાઓ બદલે ખેલાડીઓ માટે સંપૂર્ણ રમતગમત યાત્રા તૈયાર કરવાનો છે. રિવેમ્પ્ડ યોજનાનું બજેટ 8 ગણું વધારવાનું લક્ષ્ય છે. 2026થી 2031ની વચ્ચે યોજના હેઠળ મદદ મેળવનારા ખેલાડીઓની સંખ્યા પણ 10 ગણી વધારવામાં આવશે. રિવેમ્પ્ડ યોજના હેઠળ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ખર્ચ વહેંચવાનો ગુણોત્તર 60:40 રાખવામાં આવ્યો છે. આમાં 30 હજાર ખેલાડીઓને સહયોગ આપવાનું આયોજન છે.

## વર્લ્ડકપમાં ભારતીય વુમન્સ હોકી ટીમની સૌથી મોટી જીત

### સાઉથ આફ્રિકાને 6-1 થી હરાવ્યું, 52 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો




મુંબઈ

ભારતે વુમન્સ હોકી વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકાને 6-1થી હરાવ્યું. ટીમ આ જીત સાથે પૂલ-Dના પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ છે. ટૉપ-8માં પહોંચવા માટે ટીમને છેલ્લી મેચમાં ઈંગ્લેન્ડ સામે ડ્રો રમવું પડશે. હારવાની સ્થિતિમાં ચીન સામે સાઉથ આફ્રિકાની જીત માટે પ્રાર્થના કરવી પડશે.

ભારતની આ જીત વુમન્સ વર્લ્ડ કપમાં તેની અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. ભારતીય મહિલાઓએ આ પહેલા આ ટુર્નામેન્ટમાં પોતાની સૌથી મોટી જીત 1974માં સ્પેન સામે નોંધાવી હતી. ત્યારે ભારતીય વુમન્સ ટીમે 4-1થી જીત મેળવી હતી. એમ્સ્ટેલવીનમાં રમાયેલી પૂલ-Dની મેચમાં પહેલા ક્વાર્ટરમાં સુનેલિતા ટોપ્પોએ ગોલ કરીને ભારતનું ખાતું ખોલ્યું. ત્યારબાદ નવનીત કૌર અને સુશીલા ચાનુના ગોલથી ભારતે 3-0ની લીડ બનાવી. પછી દીપિકા, લાલરેમસિયામી અને સાક્ષી રાણાએ ગોલ કરીને સ્કોર 6-0 કર્યો. સાઉથ આફ્રિકા માટે એકમાત્ર ગોલ ડી વાલ કાયલાએ 55મી મિનિટે કર્યો. ભારતે બીજા ક્વાર્ટરની શરૂઆત પણ ઝડપી કરી. 17મી મિનિટે નવનીત કૌરે પેનલ્ટી કોર્નર પર શાનદાર ગોલ કર્યો. તેણે એંગલ બદલતા નીચો અને ઝડપી શોટ માર્યો, જેને સાઉથ આફ્રિકન ગોલકીપર રોકી શકી નહીં. આ સાથે ભારતની લીડ 2-0 થઈ ગઈ. આ પછી ભારતે સાઉથ આફ્રિકા પર દબાણ જાળવી રાખ્યું. સતત સર્કલ એન્ટ્રી અને ઝડપી પાસિંગથી ભારતીય ટીમ ગોલની તકો બનાવતી રહી. 24મી મિનિટે ભારતને સતત પેનલ્ટી કોર્નર મળ્યા. 25મી મિનિટે ભારતે ત્રીજો ગોલ કર્યો. દીપિકાના ડ્રેગફ્લિકને સાઉથ આફ્રિકાની પ્રથમ રશરથી ડિફ્લેક્શન મળ્યું અને બોલ સુશીલા પાસે પહોંચ્યો. સુશીલાએ તકનો લાભ ઉઠાવતા બોલને ગોલમાં પહોંચાડી દીધો.

## બિઝનેસ

### સામાન્ય માણસના ખિસ્સા પર સીધી અસર

# ZEPTOએ ફ્રી ડિલિવરી માટે મિનિમમ ઑર્ડર વેલ્યુ વધારી દીધી



મુંબઈ

ઝેપ્ટોએ મફત ડિલિવરી માટે ન્યૂનતમ ઑર્ડર વેલ્યુ 149થી વધારીને 199 કરી દીધી છે. હવે ગ્રાહકોને ડિલિવરી ચાર્જ વિના સામાન મંગાવવા 199ની કાર્ટ વેલ્યુ બનાવવું પડશે. પીક અવર્સમાં આ 299 સુધી પહોંચી શકે છે. ઝોમેટો પર પણ ઈકો-ફ્રેન્ડલી પેકેજિંગના કારણે ભોજન 10% થી 30% મોંઘું થઈ શકે છે. કંપનીઓ ખર્ચ ઘટાડી સરેરાશ બાસ્કેટ વેલ્યુ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ક્વિક કોમર્સ કંપની Zepto એ ફ્રી ડિલિવરી માટે મિનિમમ ઑર્ડર વેલ્યુ 149 રૂપિયાથી વધારીને 199 રૂપિયા કરી દીધી છે. એટલે કે હવે કોઈપણ ડિલિવરી ચાર્જ વિના સામાન મંગાવવા માટે ગ્રાહકોએ ઓછામાં ઓછું 199 રૂપિયાની કાર્ટ વેલ્યુ બનાવવું પડશે. ઝેપ્ટોએ બ્લિંકિટ અને ઈન્સ્ટામાર્ટની બરાબરી કરી આ વધારા પછી Zeptoની ફ્રી ડિલિવરી બેઝ પ્રાઈસ Blinkit અને Instamart જેવી પોતાની બીજી સ્પર્ધક કંપનીઓની બરાબરી પર આવી ગઈ છે. એટલું જ નહીં, ભારે ડિમાન્ડવાળા પીક અવર્સમાં મિનિમમ ઑર્ડર વેલ્યુ વધીને 299 રૂપિયા સુધી થઈ જાય છે. એવરેજ બાસ્કેટ વેલ્યુ વધારવા પર ફોકસ. કંપની હવે માત્ર ઑર્ડર્સની સંખ્યા વધારવા પર ફોકસ નથી કરી રહી, પરંતુ તેનું ધ્યાન એવરેજ બાસ્કેટ વેલ્યુ વધારવા પર પણ છે જેથી દરેક ડિલિવરી પર થતાં ખર્ચને ઓછો કરી શકાય. વાસ્તવમાં, ઓછી કિંમત વાળા ઑર્ડર્સ પર પેકેજિંગ અને ડિલિવરી બોયનો ખર્ચ કાઢવો મુશ્કેલ થઈ જાય છે. હવે કંપનીના આ નિયમના કારણે લોકો ફ્રી ડિલિવરી માટે કાર્ટમાં વધુમાં વધુ સામાન એડ કરશે. Zomato પર ઈકો-ફ્રેન્ડલી પેકેજિંગથી ભોજન મોંઘું થશે.

### 1 ઓક્ટોબરથી લાગુ થશે નવા નિયમો

# SBI ખાતાધારકો માટે એલર્ટ!: હવે બેંકમાંથી રોકડ રૂપિયા ઉપાડવા પર ચાર્જ લાગશે

**સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ખાતાધારકોને જાણ કરી છે કે આ ફેરફારો તમામ ખાતાધારકોને લાગુ પડશે નહીં. ફક્ત બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝિટ (BSBD) ખાતા માટે સર્વિસ ચાર્જ લાગુ પડશે.**




મુંબઈ

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) એ તેના ખાતાધારકો માટે એલર્ટ જાહરે કર્યું છે. સાથે જ નિયમમાં પણ ફેરફાર કર્યો છે. બેંકની ચેતવણી છે કે જો તમે SBI ની બ્રાન્ચમાંથી 4 થી વધુ વખત પૈસા ઉપાડશો તો તમારે ચાર્જ ચૂકવવો પડી શકે છે. નવા ફેરફાર હેઠળ, હવે ફક્ત બ્રાન્ચમાંથી ઉપાડ પર પ્રથમ 4 ટ્રાન્ઝેક્શન મફત કરવામાં આવ્યા છે. 5મા ટ્રાન્ઝેક્શનથી શુલ્ક લાગુ પડશે. આ નિયમ 1 ઓક્ટોબર, 2026 થી લાગુ થશે. કોને લાગુ પડશે આ નિયમ ETના અહેવાલ મુજબ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ખાતાધારકોને જાણ કરી છે કે આ ફેરફારો તમામ ખાતાધારકોને લાગુ પડશે નહીં. ફક્ત બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝિટ (BSBD) ખાતા માટે સર્વિસ ચાર્જ લાગુ પડશે. જો તમારું પણ આ ખાતું છે, તો તમે બેંકની શાખામાંથી 1 મહિનામાં ફક્ત 4 વખત મફત રૂપિયાનો ઉપાડ કરી શકો છો. તેનાથી વધુ વખત ઉપાડ કરવા પર તમારે ચાર્જ ચૂકવવો પડશે. પહેલા શું નિયમ હતો? એસબીઆઈની વેબસાઈટ મુજબ, પહેલા પણ મહિનામાં 4 ઉપાડ મફત હતા, પરંતુ તેમાં એસબીઆઈ એટીએમ, અન્ય બેંકના એટીએમ, બ્રાન્ચમાંથી ઉપાડ, માઈક્રો એટીએમ વગેરેનો સમાવેશ થતો હતો. ફક્ત UPI, NEFT, RTGS, IMPS જેવા ડિજિટલ ટ્રાન્ઝેક્શન માધ્યમોને બાદ રાખવામાં આવ્યા હતા. નવા ફેરફાર હેઠળ હવે ફક્ત બ્રાન્ચ ચેનલમાંથી ઉપાડ માટે મહિનાના પહેલા 4 ટ્રાન્ઝેક્શનને મફત કરવામાં આવ્યા છે. શું એટીએમમાંથી ઉપાડ પર ચાર્જ લાગશે? જોકે, તેનો અર્થ એ નથી કે જો તમે આ ખાતા હેઠળ એટીએમમાંથી પૈસા ઉપાડો છો, તો તમારે પહેલા ટ્રાન્ઝેક્શનથી જ ચાર્જ ચૂકવવો પડશે. બસ નવા નિયમમાં એસબીઆઈ ATM, બીજા બેંકના ATM, બ્રાન્ચમાંથી ઉપાડ, માઈક્રો ATM વગેરેને નવા નિયમમાં જોડવામાં આવ્યા નથી. તેના પર જૂના નિયમો લાગુ પડશે. 1 ઓક્ટોબર, 2026 થી બ્રાન્ચમાંથી ઉપાડ દરમિયાન એક મહિનામાં પહેલા ચાર મફત ઉપાડ પછી વધારાના રોકડ ઉપાડ પર પ્રતિ ટ્રાન્ઝેક્શન 15 રૂપિયાનો ચાર્જ સાથે જીએસટી પણ લાગશે. શું છે SBIનું BSBD એકાઉન્ટ? BSBD એકાઉન્ટ એટલે કે Basic Savings Bank Deposit Account, એક એવું બેઝિક સેવિંગ્સ એકાઉન્ટ છે.

### સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો

# ચાંદી ₹5,772 ઘટીને ₹2.27 લાખ પ્રતિ કિલો થઈ: 10 ગ્રામ સોનાનો ભાવ ₹1.53 લાખ થયો




મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં 19 ઓગસ્ટે ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 5,772 રૂપિયા ઘટીને 2.27 લાખ રૂપિયા પર આવી ગઈ છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,196 રૂપિયા ઓછો થઈને 1.53 લાખ રૂપિયા પર છે. સોના-ચાંદીના ભાવમાં ઘટાડાના 2 મુખ્ય કારણો. નફા વસૂલી: છેલ્લા 10-15 દિવસમાં સોના-ચાંદીમાં સારો ઉછાળો આવ્યો હતો. જ્યારે કિંમતો ઉપર ચડે છે ત્યારે ઘણા રોકાણકારો અને ટ્રેડર્સ પોતાનો નફો કાઢી લે છે. તેનાથી બજારમાં વેચવાલી વધી જાય છે અને ભાવ ઘટવા લાગે છે. આ એક સામાન્ય પ્રક્રિયા છે.

ક્રૂડ ઓઈલની કિંમતોમાં તેજી: બ્રેન્ટ ક્રૂડ ઓઈલ $91 ઉપર ચાલી રહ્યું છે. ઓઈલ મોંઘું થવાથી દુનિયાભરમાં મોંઘવારી વધવાનો ડર પેદા થાય છે. મોંઘવારી વધશે તો અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજ દરો ઊંચા રાખી શકે છે અથવા વધારી પણ શકે છે. ઊંચા વ્યાજ દરો સોના માટે નકારાત્મક હોય છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 20 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.53 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે ચાંદીની કિંમતમાં 3 હજાર રૂપિયાનો ઘટાડો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.27 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.

## સેન્સેક્સ 326 પોઈન્ટ ઘટીને 76,910 પર બંધ

- **નિફ્ટીમાં 77 પોઈન્ટનો ઘટાડો રહ્યો; FMCG અને એનર્જી શેરોમાં વધુ વેચવાલી રહી**



મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 19 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 326 પોઈન્ટના ઘટાડા સાથે 76,910 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 77 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 24,078 પર બંધ થયો. FMCG, મીડિયા અને એનર્જી શેરોમાં આજે વધુ વેચવાલી જોવા મળી. શિપરોકેટ લિમિટેડનો શેર 35% ઉપર લિસ્ટ થયો. શિપરોકેટ લિમિટેડનો શેર તેના 97 રૂપિયા પ્રતિ શેરના IPO ભાવથી 35% પ્રીમિયમ પર લિસ્ટ થયો. NSE પર શિપરોકેટનો શેર 131 રૂપિયા પર ખુલ્યો, જ્યારે BSE પર તે 33.51% પ્રીમિયમ સાથે 129.50 રૂપિયા પર લિસ્ટ થયો. આનો અર્થ એ છે કે શિપરોકેટના IPOએ શેર મેળવનારા રોકાણકારોને પહેલા જ દિવસે 35%નો નફો આપ્યો છે. ગાજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટનો IPO આજથી ખુલ્લો થઈ ગયો છે. કંપની આ દ્વારા 550 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ IPOમાં 21 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકાય છે.

વિકાસના નામે કરોડોનો ખર્ચ થઇ રહ્યો છે ત્યારે હવે પ્રશાસન 'સક્રિય' બન્યું

# AMC પોતાના વિકાસકામોની ગુણવત્તા ચકાસવા માટે ક્વોલિટી કંટ્રોલ ટીમ રચશે!




અમદાવાદ

AMC દ્વારા પોતાના વિકાસકામોની ગુણવત્તા ચકાસવા માટે ક્વોલિટી કંટ્રોલ ટીમ રચવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં મ્યુનિ. કામગીરીમાં કેવા પ્રકારે ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે તે બાબત આ નિર્ણયથી પુરવાર થઈ રહી છે. આ નવી બનેલી ટીમ ગમે ત્યારે કોઈ પણ વિકાસકામના સ્થલે ઓચીંતી પહોંચી ચેકિંગ કરશે.

અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, ડે.મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશભાઈ પટેલ, શાસક પક્ષના નેતા જશુભાઈ ઠાકોર તેમજ દંડક અતુલ મિશ્રાના માર્ગદર્શન હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ઝોન તથા ઈજનેરી વિભાગો દ્વારા હાથ ધરવામાં આવતા તમામ વિકાસકામોની ગુણવત્તા માટે હવે સ્વતંત્ર ક્વોલિટી કંટ્રોલ ટીમ સરપ્રાઈઝ ચકાસણી કરશે. વિવિધ વિભાગના નિયત ગુણવત્તા ધોરણો, ટેન્ડરના ટેકનિકલ સ્પેસિફિકેશન અને મંજૂર ડિઝાઈન મુજબ ગુણવત્તાયુક્ત તથા ટકાઉ બને તે સુનિશ્ચિત કરવા માટે વિવિધ વિકાસકામોની કામગીરી ચાલુ હોય તે દરમિયાન જ સ્વતંત્ર ક્વોલિટી કંટ્રોલ ટીમ દ્વારા નિયમિત સરપ્રાઈઝ ગુણવત્તા ચકાસણી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વ્યવસ્થા અંતર્ગત પાણી, ડ્રેનેજ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, W.O.E.&M., S.O.E.&M. તથા તેને આનુષંગિક તમામ કામોની ગુણવત્તાની ચકાસણી સંબંધિત ચીફ ઈજનેર (PHW & SMC)ના નિયંત્રણ હેઠળ સ્વતંત્ર ક્વોલિટી કંટ્રોલ ટીમ દ્વારા કરવામાં આવશે. જ્યારે રોડ, બ્રિજ, બિલ્ડિંગ તથા તેને આનુષંગિક તમામ સિવિલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામોની સરપ્રાઈઝ ચકાસણી સંબંધિત ચીફ ઈજનેર (રોડ/બ્રિજ/ બિલ્ડિંગ)ના નિયંત્રણ હેઠળ કરવામાં આવશે. સ્ટ્રીટ લાઈટ, લાઈટ તથા તેને આનુષંગિક તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામોની ગુણવત્તા ચકાસણી સંબંધિત એડિશનલ ચીફ ઈજનેરના નિયંત્રણ હેઠળ સ્વતંત્ર ક્વોલિટી કંટ્રોલ ટીમ દ્વારા કરવામાં આવશે. ક્વોલિટી કંટ્રોલ ટીમ દ્વારા જે તે કામના ક્વોલિટી એસ્યોરન્સ પ્લાન (QAP), ટેન્ડરના ટેકનિકલ સ્પેસિફિકેશન્સ, લાગુ પડતા આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ગુણવત્તા ધોરણો, રો મટીરિયલના સોર્સ તેમજ તેની ગુણવત્તા, જરૂરી લેબોરેટરી ટેસ્ટિંગ તથા અપવૃ ડ્રોઈંગ્સની પણ નિયમિત સરપ્રાઈઝ ચકાસણી કરવામાં આવશે. આ ઉપરાંત, ચાલુ કામના શરૂઆતના તબક્કાથી લઈને લોકાર્પણ સુધીના તમામ તબક્કે જરૂરી ફિલ્ડ ટેસ્ટ, મટીરિયલ ટેસ્ટ, વર્કમેનશિપ, મંજૂર થયેલા ટેન્ડર સ્પેસિફિકેશન મુજબની કામગીરી તથા અન્ય સંબંધિત ગુણવત્તા પરિમાણોની ચકાસણી કરવામાં આવશે.

### કામગીરી અને બીલની સરખામણી થશે

પ્રોજેક્ટ મોનિટરિંગ કન્સલ્ટન્ટ દ્વારા નિયત કરવામાં આવેલા QAP મુજબ કામની ગુણવત્તા ચકાસણી માટેના પેરામીટર્સ, ટેસ્ટની ફ્રીકવન્સી તથા પ્રાપ્ત પરિણામોના નિર્ધારિત ધોરણો સાથેની સરખામણીનો સ્પષ્ટ ઉલ્લેખ મંથલી પ્રોગ્રેસ રિપોર્ટ, રનિંગ બિલ અને ફાઈનલ બિલમાં કરવાનો રહેશે.

### મ્યુનિ. કમિશનર દર મહિને સમીક્ષા કરશે

દર મહિને કરવામાં આવેલી તમામ ગુણવત્તા ચકાસણીઓ, તેમાં ધ્યાને આવેલી ખામીઓ, કરવામાં આવેલી સુધારાત્મક કાર્યવાહી તથા તેની હાલની સ્થિતિનો મંથલી ક્વોલિટી કંટ્રોલ સમરી તૈયાર કરવાનો રહેશે. આ માસિક અહેવાલ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ દર મહિને સમીક્ષા અર્થે રજૂ કરવાનો રહેશે.


### અધિકારીઓ મનમાની નહીં કરી શકે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ સંબંધિત અધિકારીઓને આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવો તેમજ કામની સમગ્ર જવાબદારી સંબંધિત અમલીકરણ અધિકારીની રહેશે તથા કોઈપણ વિકાસકામમાં ગુણવત્તા સાથે સમાધાન ન થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંલગ્ન ખાતાના અધિકારીની રહેશે. આ પરિપત્ર નંબર-46 અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ પરથી જોઈ અને ડાઉનલોડ કરી શકાશે.

## અમદાવાદના સરખેજ વિસ્તારમાં ટાયરના ગોડાઉનમાં લાગી ભીષણ આગ

ઈન્ડિયા એસ્ટેટમાં આવેલી ગલીમાં ટાયરના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના ખૂબ જ ધુમાડો થઈ રહ્યો છે અને ટાયરનું ગોડાઉન હોવાના કારણે લોકોને ખૂબ જ તકલીફ પડી રહી છે, એસ્ટેટમાં આવેલી અન્ય ઓફિસો અને દુકાનોને પણ ખાલી કરાવી દેવામાં આવી છે





અમદાવાદ

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા એક ટાયરના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. ટાયરોમાં આગ લાગવાને કારણે ગણતરીની મિનિટોમાં જ જ્વાળાઓ વિકરાળ બની ગઈ હતી અને દૂર દૂર સુધી કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ ગયા હતા.

બનાવની જાણ થતાં જ અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી. ફાયર ફાઈટરોની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને વોટર કેનન તેમજ ફાયર સેફ્ટી સાધનો વડે આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ટાયર અને રબરનો જથ્થો વધુ હોવાને કારણે આગ ઝડપથી પ્રસરી રહી હોવાથી ફાયર બ્રિગેડ દ્વારા મેજર કોલ જાહેર કરીને વધુ ગાડીઓ બોલાવવામાં આવી છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટનામાં અત્યાર સુધી કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર નથી. સુરક્ષાના ભાગરૂપે આસપાસના વિસ્તારને ખાલી કરાવવામાં આવ્યો છે અને નજીકના માર્ગો પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

આગ શોર્ટ સર્કિટના કારણે લાગી છે કે અન્ય કોઈ કારણોસર, તે અંગેનું સાચું કારણ ફાયર બ્રિગેડની કામગીરી પૂર્ણ થયા બાદ અને એફએસએલ (FSL) ની તપાસ પછી જ સ્પષ્ટ થશે. હાલમાં ફાયર વિભાગનું પ્રાથમિક લક્ષ્ય આગને આસપાસના અન્ય ગોડાઉન કે મકાનો સુધી ફેલાતી અટકાવવાનું છે.

## વસ્ત્રાપુરની હોટલમાંથી યુવતી MD ડ્રગ્સ સાથે ઝડપાઈ: રૂમમાં સાથે રહેલો યુવક પોલીસને જોઈ ફરાર




અમદાવાદ

અમદાવાદ શહેરના વસ્ત્રાપુર તળાવ પાસે આવેલી હોટલ લેક પેલેસમાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે એક યુવતી ઝડપાઈ છે. ક્રાઈમ બ્રાંચને મળેલી બાતમીના આધારે ટીમે હોટલના રૂમ નંબર 205 માં દરોડો પાડ્યો હતો. રૂમમાંથી પહોંચી નંદની નામની યુવતી પોલીસના હાથે ઝડપાઈ ગઈ હતી.

જ્યારે તેની સાથે રૂમમાં રોકાયેલો ચંદ્રપાલસિંહ ઝાલા પોલીસને જોઈને ફરાર થઈ ગયો હતોપોલીસે રૂમની તપાસ દરમિયાન નંદની પાસેથી 64 હજાર રૂપિયાની કિંમતનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં નંદનીએ આ ડ્રગ્સનો જથ્થો ચંદ્રપાલસિંહ પાસેથી ખરીદ્યો હોવાનું પોલીસને જણાવ્યું છે. બંને એક જ રૂમમાં રોકાયા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. જેના પગલે પોલીસે નંદનીની ધરપકડ કરી ચંદ્રપાલસિંહ સામે પણ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમ બ્રાંચ હવે ફરાર ચંદ્રપાલસિંહને ઝડપી લેવા માટે શોધખોળ કરી રહી છે. પોલીસ તપાસમાં ચંદ્રપાલસિંહ ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો, કોની પાસેથી ખરીદ્યો હતો અને નંદનીને કેટલા સમયથી ડ્રગ્સ સપ્લાય કરતો હતો તે અંગે તપાસ કરવામાં આવશે. બંને વચ્ચે અગાઉથી ડ્રગ્સની લેવડદેવડ ચાલતી હતી કે નહીં તે પણ તપાસનો મહત્વનો મુદ્દો છે.

### ગોમતીપુરમાં NDPS સ્કવોડનો મોટો ધમાકો

## 4 કિલોથી વધુ ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ગાંજા સાથે રીઢો ગુનેગાર 'આસો' પોલીસની ગ્રાન્ડ એન્ટ્રી સાથે ઝડપાયો




અમદાવાદ

અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થોના કાળા કારોબાર, ગેરકાયદે હેરાફેરી અને યુવાધનને બરબાદ કરતા ઝેરના વેપારીઓ સામે પોલીસે આક્રમક વલણ અપનાવીને યુદ્ધના ધોરણે કાર્યવાહી શરૂ કરી દીધી છે. અમદાવાદના ગોમતીપુર જેવા સંવેદનશીલ વિસ્તારમાં ડ્રગ્સ અને નશાના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે ગોમતીપુર પોલીસ સ્ટેશનની NDPS (નિલકંઠ/ એનડીપીએસ) સ્કવોડે એક અત્યંત સચોટ, ગુપ્ત અને વિજળીક દરોડો પાડીને નશાના કાળા કારોબારનો મોટો પર્દાફાશ કર્યો છે. મળતી વિગતો અનુસાર, ગોમતીપુર પોલીસની ખાસ NDPS સ્કવોડને ગુપ્ત બાતમીદારો પાસેથી અતિ ચોક્કસ માહિતી મળી હતી કે વિસ્તારમાં એક શંકાસ્પદ ઈસમ નશીલા પદાર્થનો મોટો જથ્થો છુપાવીને તેના છૂટક વેચાણ અને હેરાફેરીની પેરવી કરી રહ્યો છે. બાતમી મળતાં જ NDPS સ્કવોડના અધિકારીઓ અને જવાનાની ટીમે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને ચોક્કસ લોકેશન પર દરોડો પાડ્યો હતો. પોલીસની અચાનક થયેલી ધાકડ એન્ટ્રીથી મોકા પર હાજર આરોપીને નાસી છૂટવાનો કે માલ છુપાવવાનો સહેજ પણ મોકો મળ્યો ન હતો. પોલીસે ઘટનાસ્થળેથી આરોપી આસિફ બેગ ઉર્ફે 'આસો'ને કોર્ડન કરીને દબોચી લીધો હતો. સ્થળ પર હાથ ધરવામાં આવેલી તલાશી દરમિયાન પોલીસ ટીમના હોશ ઊડી ગયા હતા. આરોપી પાસેથી અંદાજે ૪ કિલો ૩૭૦ ગ્રામ જેટલો ઉચ્ચ ગુણવત્તા ધરાવતો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો, જેને પોલીસે કાયદેસરની પ્રોટોકોલ પ્રક્રિયા હાથ ધરીને કબજે કરી લીધો છે. આરોપીની ઓળખ: આસિફ બેગ ઉર્ફે આસો (રહે. ગોમતીપુર, અમદાવાદ), જપ્ત કરાયેલ માલ: ૪ કિલો ૩૭૦ ગ્રામ ગેરકાયદેસર નશીલો પદાર્થ (ગાંજો), કાર્યવાહી: NDPS એક્ટની વિભિન્ન કડક કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ. અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ: પોલીસ તપાસનો મોટો ધમધમાટ. પોલીસની પ્રાથમિક પૂછપરછ અને રેકોર્ડ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી આસિફ બેગ ઉર્ફે આસો કોઈ સામાન્ય શખ્સ નથી, પરંતુ અગાઉ પણ નશીલા પદાર્થોની હેરાફેરી અને ગેરકાયદે વેચાણ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રીઢો ગુનેગાર રહ્યો છે.

### અમદાવાદ નજીક ચાંગોદરમાં 'પ્યોર એન્ડ ક્યોર ટેકનોલોજી' કંપનીમાં સાયબર છેતરપિંડી

## બોસનો ફોટો જોઈ એકાઉન્ટન્ટે ₹3 કરોડ ચૂકવી દીધા



અમદાવાદ

અમદાવાદ નજીક ચાંગોદરમાં 'પ્યોર એન્ડ ક્યોર ટેકનોલોજી' કંપનીમાં સાયબર છેતરપિંડી થઈ છે. ઠગે ડિરેક્ટર હેમંતભાઈના ફોટોવાળું નકલી વોટ્સએપ પ્રોફાઈલ બનાવી, એકાઉન્ટન્ટ હાર્દિકભાઈને વિશ્વાસમાં લઈ 3 કરોડ રૂપિયા અજાણ્યા બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા. 18 ઓગસ્ટે બનેલી આ ઘટનામાં નકલી આદેશથી પેમેન્ટ થયું. કોન્ફરન્સ કોલ પર અસલી ડિરેક્ટરનો ખુલાસો થતા છેતરપિંડી બહાર આવી, અને સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ. અમદાવાદ નજીક ચાંગોદરમાં આવેલી 'પ્યોર એન્ડ ક્યોર ટેકનોલોજી' નામની કંપનીમાં સાઈબર છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શાતિર ઠગે કંપનીના ડિરેક્ટર હેમંતભાઈના નામે અને તેમના જ ફોટોવાળું નકલી વોટ્સએપ પ્રોફાઈલ બનાવી કંપનીના એકાઉન્ટન્ટ હાર્દિકભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો. ઠગે ડિરેક્ટર તરીકેની ઓળખ આપી એકાઉન્ટન્ટને વિશ્વાસમાં લીધા હતા અને અજાણ્યા બેંક એકાઉન્ટમાં 3 કરોડ રૂપિયાની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ બનાવ અંગે સાઈબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા અને છેલ્લા 20 વર્ષથી ચાંગોદર ખાતેની આ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા 44 વર્ષીય હાર્દિકભાઈ પટેલ ગત 18 ઓગસ્ટે સવારે ઓફિસે કામ કરી રહ્યા હતા. તે સમયે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં પ્રોફાઈલમાં ડિરેક્ટર હેમંત સરનો ફોટો હતો. ઠગે કંપનીના બેંક એકાઉન્ટના બેલેન્સ અંગે પૂછપરછ કરતાં એકાઉન્ટન્ટે 13 કરોડ પ્લસ CC 6 કરોડ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ઠગે 'એગ્રોઝેલા પ્રાઈવેટ લિમિટેડ' ના બેંક એકાઉન્ટની વિગતો મોકલી તાત્કાલિક 3,00,00,000 રૂપિયા ચૂકવી દેવા આદેશ કર્યો હતો. ડિરેક્ટરનો જ આદેશ હોવાનું માનીને હાર્દિકભાઈએ પેમેન્ટ માટેની પ્રક્રિયા કરી કંપનીના અન્ય ભાગીદાર નયનભાઈ પાસેથી ફોન પર એપ્રુવલ મેળવીને રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. સવારે 11.46 વાગ્યે બેંકમાંથી પેમેન્ટ સક્સેસ થયાનો મેઈલ આવ્યો હતો.

### હવે અમદાવાદમાં હોટેલ-રેસ્ટોરન્ટોમાં આવેલા કિચનના LIVE દ્રશ્યો જોવા મળશે

## સફાળા જાગેલા મ્યુનિ. હેલ્થ વિભાગે નક્કર કામગીરને બદલે ઈ-મેઈલથી આદેશ કર્યો

- ભેળસેળીયાઓ સામે પગલાં લેવામાં કોની શરમ નડે છે? જનતા પૂછે છે સવાલ
- ખાણીપીણીના સ્થળે ગંદકીના મામલે ધીમી કામગીરી બદલ વિભાગ સામે જનતામાં રોષ
- સ્ટાફને દોડાવવાને બદલે સાહેબોએ સ્થળ મુલાકાતને બદલે ઈ-મેઈલ કરી કામ કર્યાનો સંતોષ માન્યો

અમદાવાદ

શહેરમાં ભેળસેળ કરનારાઓ બેફામ બન્યા હોય અને મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગની કોઈ બીક ના હોય તેવો માહોલ સર્જાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા સ્થળ મુલાકાત લઈને ખાણીપીણીના સ્થળે સફાઈ-ગંદકી અને હાઈજીન મામલે ચકાસણી કરવાને બદલે કહેવાતા સાહેબોએ એસી કેબીનમાં બેસીને એક ઈ-મેઈલ કરીને મ્યુનિ. કોર્પોરેશનના અધિકારક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં કાર્યરત 11,123 રેસ્ટોરન્ટ અને ફૂડ બિઝનેસ ઓપરેટર્સને ઈ-મેઈલ કરીને એવા મતલબની સૂચના આપવામાં આવી છે કે તમારા કીચનમાં સીસીટીવી લગાવો અને એના દ્રશ્યો લાઈવ ગ્રાહકો જોઈ શકે તે પ્રકારે તેનું પ્રસારણ કરવામાં આવે. જો આ બાબતનો અમલ નહીં કરવામાં આવે તો આવનારા સમયમાં જેતે એકમ સામે કડક પગલાં લેવાઈ શકે તેમ છે. અમદાવાદ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા ગ્રાહકોને સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાની કામગીરીમાં વધુ પારદર્શિતા લાવવા 11,123 રેસ્ટોરન્ટ અને ફૂડ બિઝનેસ ઓપરેટર્સને રસોડામાં CCTV લગાવી તેનું લાઈવ પ્રસારણ રિસેપ્શન અને ગ્રાહકોની બેઠક વ્યવસ્થા પાસે રાખવા ઈ-મેઈલથી આદેશ કર્યો છે. નોંધનીય છે કે તારીખ 19મી ઓગસ્ટના રોજ ચેકિંગ સમયે FSSAIના નિયમોનું ઉલ્લંઘન, અસ્વચ્છતા, જીવાત અને ભેળસેળયુક્ત ખાદ્ય સામગ્રી મળતા કોલેજ કેન્ટીન સહિત જાણીતા આઉટલેટ્સને સીલ કર્યા હતા. નિયમ ભંગ કરતા એકમો સામે લાયસન્સ રદ સહિતની કાર્યવાહીની ફૂડ વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે. આ સમગ્ર બાબતે ફૂડ વિભાગના અધિકારી દ્વારા જણાવાયું હતું કે FSSAI ની ગાઈડલાઈન્સ મુજબ દરેક એકમે રસોડાની સ્વચ્છતા, ફૂડ હેન્ડલર્સની વ્યક્તિગત હાઈજીન, કાચા અને રાંધેલા ખોરાકનું અલગ સ્ટોરેજ, પીવા અને રસોઈ માટે સલામત પાણી, નિયમિત પેસ્ટ કંટ્રોલ અને કચરાના યોગ્ય નિકાલનું પાલન કરવું ફરજિયાત છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI